**સુવિચાર**

આજનું દુઃખ એ ભૂતકાળનાં પાપની જાહેરાત છે, અને આજનું પાપ એ ભવિષ્યનાં દુઃખનું રીઝર્વેશન છે !

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂ. ૩.૦૦
તા. ૦૫/૦૬/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ જેઠ સુદ-૧૦ વર્ષ : ૧૬ અંક : ૧૪૯


## ટ્રાફિકથી ધમધમતા માર્ગ ઉપર આગોતરી જાણકારી વગર કામ શરૂ કરી દેવાયુ

# દે ધનાધન : અમરેલીમાં લાઠી રોડ બનતો હોય ટ્રાફિક સમસ્યા બની વિકરાળ

**ફોરલેન માર્ગ હોય ટુ લેન માર્ગની કામગીરી શરૂ થતાં અન્ય ટુ લેન માર્ગ પર ટ્રાફિક સમસ્યા**

**કઈ કંપની કામ કરે છે, કેટલા રૂપિયાનો ખર્ચ, સમય મર્યાદાનું પણ બોર્ડ જોવા મળતુ નથી**

**ટ્રાફિક સમસ્યાનાં નિરાકરણ માટે કોઈ ટ્રાફિકમેન પણ જોવા મળતા નથી**

**માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કરીને સમસ્યાનું સમાધાન કરવુ જરૂરી**



અમરેલી, તા. ૪

અમરેલીના લાઠી રોડ ઉપર માર્ગ અને મકાન વિભાગ દ્વારા ચાલી રહેલી રોડની કામગીરીના કારણે ફોરવર્ડ સર્કલથી લઈ રેલ્વે ફાટક સુધીનો અડધો અડધ રોડની એક સાઈડમાં બંધ કરી દેવામાં આવેલ છે. જેના કારણે આ ૨૪ કલાક ધમધમતા રોડ ઉપર ગંભીર ટ્રાફિક સમસ્યા સર્જાય છે. આ રોડ ખોદી નાંખતા પહેલાં કોઈ પણ પ્રકારનું જાહેરનામુ પણ અમલમાં નહીં મુકી કે માર્ગ બંધ કરવા અંગે કોઈ પણ આગોતરી જાહેરાત કરવાની પણ વહીવટીતંત્ર દ્વારા તસ્દી લેવામાં આવી ન હતી.

અમરેલીથી લાઠી રોડ ઉપર માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાલમાં જે ડામર રોડ હતો તેને સિમેન્ટ રોડમાં તબદીલ કરવાની કામગીરી ચાલી રહી છે. જેના કારણે ફોરવર્ડ સર્કલથી લઈ લાઠી રોડ રેલ્વે ફાટક સુધી અડધો રોડ ખોદી નાંખી બંધ કરી દેવામાં આવ્યો છે. આખો દિવસ કામગીરી ચાલુ રહે છે જેને લઈ હયાત અર્ધો રોડ બંધ કરી દેવામાં આવ્યો છે. આથી રોડની એક તરફની સાઈડ ઘણા દિવસોથી વાહન વ્યવહાર ચાલે છે જયારે અર્ધો માર્ગ વાહન વ્યવહાર માટે બંધ થયો છે. આ માર્ગ ઉપર માત્ર એક જ સાઈડનો રોડ ચાલુ છે તેમાં બન્ને તરફથી આવતા અને જતા વાહનો સામ સામે આવતા હોવાથી આખો દિવસ ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાય છે. આ અગાઉ આજ માર્ગ ઉપર રેલ્વે ફાટકની કામગીરી ચાલું હતી ત્યારે ૪૫ દિવસ સુધી આ માર્ગ મોટા વાહનો માટે બંધ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. જયારે સાવરકુંડલા ગામમાં રોડ બંધ રહેવાનો હોય તો પણ અગાઉથી જાહેરાત કરવામાં આવે છે. જયારે આ અમરેલી અતિ ટ્રાફિકથી ધમધમતો હેવી રોડ બંધ કરાયો હોવા છતાં કોઈપણ આગોતરી જાહેરાત કરવાની પણ વહીવટીતંત્ર દ્વારા તસદી લેવામાં આવી ન હતી.

અમરેલીના આ રોડ ઉપરથી અમરેલીથી અમદાવાદ, ગાંધીનગર વગેરેને જોડતો વાહન વ્યવહાર પસાર થતો હોવાના કારણે આ રોડ ૨૪ કલાક ધમધમતો રહે છે. આ વચ્ચે રોડની કામગીરીના કમઠાણથી ભારે મુશ્કેલી સર્જાઈ છે.



















## વિધાનસભામાં કોંગ્રેસ પક્ષનાં નેતા અમિત ચાવડાનો ચોંકાવનારો આક્ષેપ

# ભાજપનાં મોટા નેતાઓની મનરેગા યોજનાનાં કૌભાંડમાં સંડોવણી

### પ્રધાનમંત્રી સમક્ષ સમગ્ર રાજયમાં ચાલતા મનરેગા કૌભાંડની સીબીઆઈની તપાસ કરાવવા માંગ

### જાંબુઘોડા પંથકનાં અનેક ગામોમાં શ્રમિકો વગર જ મટિરિયલનાં કરોડોનાં બિલ ચુકવાયા

### પંચમહાલ જિલ્લામાં જ મનરેગામાં ૧૦૦ કરોડ કરતાં વધુ રૂપિયાનાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

### ભાજપનાં કૌભાંડી નેતાઓ અને મળતીયાઓનો વરઘોડો ક્યારે નીકળશે ? : અમિત ચાવડા

ગાંધીનગર, તા. ૪

આજરોજ વિધાનસભા ખાતે પ્રેસ વાર્તામાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું કે, ગુજરાતમાં પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપનું શાસન છે. ડબલ એન્જીન સરકારમાં ભ્રષ્ટાચાર જાણે શિષ્ટાચાર થઈ ગયો હોય, ખુલ્લેઆમ પ્રજાના પરસેવાના, ટેક્ષના પૈસાની લુંટ ચલાવવામાં આવી રહી છે અને ભ્રષ્ટાચાર કરવાવાળા, લુંટવાવાળા કોઈ બીજા નહી પણ સરકારમાં બેઠેલા નેતાઓ, એમના મળતિયાઓ અને એમના પરિવારના લોકો છે. અત્યાર સુધી વિપક્ષ તરીકે અમે આરોપ મુકતા હતા, ફરિયાદ કરતા હતા કે ચારે તરફ ભ્રષ્ટાચાર ચાલે છે. પણ છેલ્લા થોડાક દિવસોમાં મીડિયામાંથી માહિતી મળે છે તે મુજબ ભરૂચના ભાજપના સાંસદે મીડિયા સમક્ષ કીધું કે ભ્રષ્ટાચાર જે થાય છે એ ગામના તલાટીથી લઈને સરકારના મંત્રી સુધી જો મિલીભગત, આશીર્વાદ ના હોય તો શકય નથી, બધાની મીલીભગતથી ભ્રષ્ટાચાર થાય છે. અમરેલી ભાજપના નેતા દિલીપભાઈ સંઘાણી કહે કે આ પોલીસ અને નેતાઓ હપ્તા ઉઘરાવે છે, પોલીસ દ્વારા એમ કહેવામાં આવે કે હપ્તાઓ છેક કમલમ સુધી પહોંચે છે, ભાજપના પાટણના નેતા



કે.સી. પટેલ દ્વારા જાહેર ફંકશનમાં કહેવામાં આવ્યું કે પોલીસ લોકો પાસેથી પૈસા પડાવે છે, ભ્રષ્ટાચાર કરે છે. એટલે કે ભાજપના નેતાઓ જ આજે જાહેરમાં બોલી રહ્યા છે, પોલીસ અધિકારીઓ જાહેરમાં કહી રહ્યા છે કે આ હપ્તાઓ કયાંકને કયાંક કમલમ સુધી, ભાજપના નેતાઓ સુધી પહોંચે છે.

વધુમાં જણાવ્યું કે, મનરેગાનું કૌભાંડ આખા ગુજરાતમાં ચાલી રહ્યું છે. એ પૈકી પંચમહાલ જીલ્લાના જાંબુઘોડા તાલુકામાં જે રીતે ૧૦૦ કરોડ કરતા વધારેનો ભ્રષ્ટચાર થયો છે અને તેની તપાસ કરવાની માંગણી કરી હતી એની વધારે હકીકતો, વિગતો મેળવી તો જે પુરાવા મળ્યા છે એ જોતા એટલું ચોક્કસ સરકારને કહેવું છે કે આખા ગુજરાત કે દેશમાં સૌથી ઝડપી રીતે, ઓછા મજુરો સાથે જો કુવા બનાવવા હોય, ચેકડેમ બનાવવા હોય, આર.સી.સી. રોડ બનાવવા હોય, માટી મેટલ રોડ બનાવવા હોય કે બીજા વિકાસના કામો કરાવવા હોય તો જે ટેકનોલોજીનું ગોઠવણ, આયોજન જાંબુઘોડામાં થયું છે એનો અભ્યાસ કરવા માટે એક સ્પેશીયલ ટીમ મોકલાવી જોઈએ. કારણ કે જાંબુઘોડા તાલુકાની વાત કરીએ તો ફકત ૨૬ ગ્રામ પંચાયતોનો તાલુકો, કુલ વસ્તી ૪૨૦૦૦, વસ્તીના પ્રમાણમાં આખા ગુજરાતમાં નાનામાં નાનો તાલુકો છે. છેલ્લા ચાર વર્ષમાં મનરેગામાં ૩૦૦ કરોડ રૂપિયાના કામો થયા એ ખાલી મનરેગાના જ કામો છે. નાણાપંચ, તાલુકા–જીલ્લા આયોજન, એમ.પી.–એમ.એલ.એ. ગ્રાન્ટ, ટ્રાયબલ ગ્રાન્ટ અને બીજી ફોરેસ્ટની ગ્રાન્ટ આ બધાનો સરવાળો કરીએ તો ૫૦૦ કરોડ કરતા વધારેના કામ આ તાલુકામાં ચાર વર્ષમાં થયા અને મનરેગામાં જે ૩૦૦ કરોડના કામો થયા એમાં કાયદાની જોગવાઈ મુજબ ૬૦% લેબર કમ્પોનન્ટ હોય અને ૪૦% મટીરીયલ કમ્પોનન્ટ હોય પણ અહી તો કાયદા જેવું કઈ છે નહી, મજુરોને સ્થાનિક રોજગાર આપવાની યોજના ભાજપના લોકોને ફાયદો કરાવવાની યોજના સાબિત થઈ અને અહિયાં આ તાલુકામાં ચાર વર્ષનો ખર્ચ મટીરીયલમાં ૨૦૦ કરોડ રૂપિયા થયો, એનો હિસાબ જોઈએ તો ૬૦–૪૦ના રેશિયોને બદલે ૨૨% રકમ લેબરને ચુકવવામાં આવી અને ૭૮% રકમ મટીરીયલ સપ્લાય કરવાવાળી એજન્સીને આપવામાં આવી. મટીરીયલ સપ્લાય કરવાવાળી એજન્સીઓમાં એક એજન્સી જીલ્લા ભાજપના પ્રમુખ દ્વારા ચલાવવામાં આવે છે, બીજી એજન્સી જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને જીલ્લા ભાજપના પત્નીના નામે છે, ત્રીજી એજન્સી જીલ્લા ભાજપ પ્રમુખના ભત્રીજાના નામે છે અને ચોથી એજન્સી જીલ્લા ભાજપ પ્રમુખના કહેવાતા ડ્રાઈવરના નામે છે. આમ ચારેય એજન્સીઓએ ખાલી એક તાલુકામાં છે જેની વસ્તી ૪૨૦૦૦ છે. એમાં ચાર વર્ષની અંદર ૨૦૦ કરોડ રૂપિયાનું મટીરીયલ સપ્લાય કર્યુ. એમાં જે કામો થયા એના પુરાવા છે, એમાં બે–ત્રણ ગામના દાખલા છે. એમાં જાંબુઘોડા તાલુકાની જાંબુઘોડા ગ્રામ પંચાયત, ખાંડીવાવ ગ્રામ પંચાયત, માસબાર ગ્રામ પંચાયત, ખાખરીયા ગ્રામ પંચાયત, કારા ગ્રામ પંચાયત, બીકેજ ગ્રામ પંચાયત, કેટલાયના પુરાવાઓ છે. જાંબુઘોડા તાલુકાનું એક કેટલશેડનું કામ છે એની એસ્ટીમેટ કુલ રકમ ૧ લાખ ૪ હજાર રૂપિયા છે એમાં લેબર ખાતે ખર્ચ થયો છે ફકત એક વ્યકિતને ૨૫૬ રૂપિયા ચૂકવાયા એક માનવદિનની રોજગારી મુજબ ચૂકવાયા. બીજા સિંચાઈ માટે કુવો બનાવવાના કામમાં ચુકવણી થઈ ૨ લાખ ૯ હજાર રૂપિયા, લેબરને ચુકવવામાં આવ્યા ૫૧૨ રૂપિયા એટલે કે ફકત બે મજુરોએ બે દિવસમાં કુવો બનાવી દીધો. એજ રીતે ત્રીજું કામ પણ કુવાનું છે જેમાં એક જ વ્યકિતએ એક જ દિવસમાં ૧ લાખ ૬૦ હજારનો કુવો બનાવી દીધો જેમાં લેબરને ચૂકવાયા ૨૫૬ રૂપિયા અને મટીરીયલ સપ્લાય કરવાવાળી એજન્સીને ચૂકવાયા ૧૫૮ રૂપિયા. એજ રીતે બીજા ખંડીવાવ ગામમાં સીડી વર્કના કામમાં ૧ લાખ ૯૮ હજાર ચૂકવાયા એમાં લેબરને ચૂકવાયા ૨૫૬ રૂપિયા અને બાકીના ૧,૯૯,૪૧૯ રૂપિયા મટીરીયલના ચુકવવામાં આવ્યા. એજ રીતે મસાબર ગામમાં માટી મેટલ રસ્તાના કામમાં ચુકવણું થયું ૩,૮૦,૦૦૦, એમાં લેબરને ચુકવવામાં આવ્યા ફકત ૨૫૬ રૂપિયા. એટલે એક વ્યકિત એક દિવસમાં ૩,૮૦,૦૦૦ રૂપિયાનો માટી મેટલ રસ્તો બનાવ્યો. (મેટલનો ભાવ એક હજાર રૂપિયા પર ટન માર્કેટમાં રેટ છે. એ મુજબ જોઈએ તો ૩૮૦ ટન મેટલ નાખવામાં આવ્યો, એક વ્યકિતએ ૩૮૦ ટન મેટલ એક વ્યકિતએ એક દિવસમાં નાખી દીધો) એજ રીતે બીજા માટી મેટલના કામમાં ૨૫૬ રૂપિયા લેબરને આપીને ૩,૭૯,૦૦૦ રૂપિયા મટીરીયલના ચુકવવામાં આવ્યા. એવા અનેક કામો છે, બીજા ખાખરીયા ગ્રામ પંચાયતમાં બોર બનાવવામાં બે મજુરોને બે દિવસ માટે ૫૧૨ રૂપિયા ચુકવવામાં આવ્યા અને બાકીના ૨,૦૦,૦૦૦ રૂપિયા મટીરીયલના ચૂકવાયા. એટલે અમારો સ્પષ્ટ આક્ષેપ છે કે અહીંયા કોઈપણ કામ સ્થળ પર થયા નથી ફકત ને ફકત ભાજપના નેતાઓની એજન્સીઓ દ્વારા મટીરીયલ સપ્લાય કરવામાં આવ્યું છે અને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. આજે સરકારને લેખિત રજૂઆત કરી, પ્રેસ કોન્ફરન્સ કરી, જીલ્લા કોંગ્રેસ સમિતિએ રેલી કરીને આવેદનપત્ર આપ્યું પણ હજુ સુધી સરકારની એકપણ એજન્સી ત્યાં તપાસ કરવા જતી નથી.

વધુમાં જણાવ્યું કે, આખા ગુજરાતમાં જે રીતે માહિતીઓ બહાર આવી રહી છે તે જોતા મનરેગાની તપાસ થશે તો કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર મનરેગા યોજનામાં થયો છે. ત્યારે સરકાર પાસે માંગણી છે કે છેલ્લા ૧૦ વર્ષની મનરેગા યોજનાના તમામ કામોની તપાસ કરવામાં આવે, ખાસ કરીને પંચમહાલ જીલ્લામાં જાંબુઘોડા તાલુકો, શહેરા તાલુકો, મોરવાહડફ તાલુકો કે જયાં દેખીતી રીતે રીપોર્ટ જોતા લાગે કે મટીરીયલ કમ્પોનન્ટમાં વધારે ખર્ચો થયો છે એટલે સ્થળ પર કામો નથી થયા એના પુરાવાઓ પણ છે.

વધુમાં જણાવ્યું કે, મનરેગા કેન્દ્ર પુરસ્કૃત યોજના છે, રાજય સરકાર તપાસ માટે ખાલી સૂચનાઓ આપે છે પણ કેન્દ્ર સરકારના પૈસા હોય તો સરકાર પાસે માંગણી કરીએ છીએ, વડાપ્રધાન પાસે માંગણી કરીએ છીએ કે સી.બી.આઈ.ની ઈન્કવાયરી થવી જોઈએ અને ગુજરાતમાં કરોડો રૂપિયાનું કૌભાંડ છેલ્લા ૧૦ વર્ષમાં આચરવામાં આવ્યું છે. એક વ્યવસ્થિત રેકેટ ચાલે છે જેમાં પંચાયતથી લઈને સરકાર સુધીના લોકો ઈન્વોલ્વ છે. જયારે ભ્રષ્ટાચારીઓ લુંટ ચલાવી રહ્યા છે એને અટકાવવા માટે સીબીઆઈની તપાસ કરવામાં આવે. ખાસ કરીને જાંબુઘોડા તાલુકા અને પંચમહાલ જીલ્લાની જે હકીકતો આપી છે તેના આજદિન સુધી તપાસ માટેના ઓર્ડરો નથી થયા, સીટ પણ બનાવવામાં નથી આવી. આથી સરકાર પાસે માંગણી કરીએ છીએ કે જે પંચમહાલ જીલ્લાની જે પુરાવાઓ સાથે જે ફરિયાદો મળી છે એના માટે સીટ બનાવી તપાસ કરવામાં આવે.

વધુમાં જણાવ્યું કે, ઓપરેશન ગંગાજળવાળી સરકારને પણ કહેવું છે કે પ્રજાના પૈસાની લુંટ ચાલતી હોય અને મુખ્યમંત્રી એના માટે જો એકટીવલી તપાસ કરીને સજા કરાવવા મક્કમ ના હોય તો મનસુખભાઈ કહે છે કે તલાટીથી લઈને મંત્રી સુધીના લોકોની આમાં સામેલગીરી છે એ સ્પષ્ટપણે સાબિત થતી હોય તે દેખાય છે. ત્યારે તમામ કામોની તપાસ થાય તે માટે વડાપ્રધાન પાસે માંગણી કરીએ છીએ કે કેન્દ્ર સરકારની યોજનામાંથી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થતો હોય, કરોડો રૂપિયાનું મનરેગાનું કૌભાંડ હોય તો તેની સીબીઆઈ મારફતે તપાસ કરાવવામાં આવે એવી માંગણી કરીએ છીએ. તેમ અંતમાં જણાવેલ છે.

---

#### નાયબ પોલીસ અધિક્ષક દેસાઈનાં અધ્યક્ષ સ્થાને

## અમરેલીનાં સિટી પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

### ભીમ અગિયારસ અને બકરી ઈદને લઈને બેઠક યોજાઈ

અમરેલી, તા. ૪

અમરેલી સિટી પોલીસ સ્ટેશન ખાતે આગામી ભીમ અગિયારસ અને બકરી ઈદના તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ અને કોમીએકતાથી ઉજવાય તે માટે એક શાંતિ સમિતિની મીટીંગ ડી.વાય.એસ.પી. ચિરાગ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાય હતી. આ બેઠકમાં સીટી પોલીસ સ્ટેશનના



પી.આઈ.ડી.કે. વાઘેલાએ શહેરના આગેવાનોને આવકારી તથા આગામી તહેવારની ઉજવણી અંગે જરૂરી માર્ગદર્શન આપેલ હતું.

---

#### ''પાણી પહેલા પાળ બાંધો'' કહેવત સાર્થક

## ધારીનાં બોરડી ગામે ખેડૂતોનાં આર્થિક સહયોગથી ચેકડેમનો જીર્ણોદ્ધાર

### ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સુંદર કાર્ય

દામનગર, તા. ૪

અમરેલી ''પાણી પહેલા પાળ બાંધો'' કહેવતને સાર્થક કરવા ધારી તાલુકાના બોરડી ગામે ખેડૂતોના આર્થિક સહયોગથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ચેકડેમનો જીર્ણોધાર કરવામાં આવે છે. જેનાથી ગ્રામ્ય વિસ્તારમાં વર્ષોથી બનેલા ચેકડેમો તૂટી ગયેલા હોય તેને રીપેરીંગ કરીને ફરીવાર મૂળ પાણીની સમતા કરતા વધુ પાણી સમાય તેના માટે ઊંડા અને ઊંચા પણ કરવામાં આવે છે. આ રીતે દરેક ગામડાઓમાં ખેડૂતો અને ગામના ઉદ્યોગપતિ, દાતાઓ દ્વારા ''ચલો વતન કે ઔર''નું સૂત્ર સાર્થક કરવાની ખુબ જરૂર છે જેથી ખેત ઉત્પાદનમાં મોટા પ્રમાણમાં ઉત્પાદન વધે છે. અને ખર્ચ ઘટે છે. તેમજ પ્રકૃતિની રક્ષા થવાથી પશુ, પક્ષી, જીવજંતુ અને માનવજીવનના આરોગ્યમાં તેમજ દેશના આર્થિક વિકાસમાં ખુબ મોટો ફાયદો થાય છે. આજુબાજુ ડુંગરાળ વિસ્તારનું પાણી નજીકના ચેકડેમમાં લઈ જવાનો પ્રયત્ન ગામ લોકો કરી રહ્યા છે.




ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ચેકડેમ ઊંડા, ઊંચા અને નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકાયેલ અને જમીનમાં અંદર પાણીના તળ ખુબ ઊંચા આવેલ છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો. તેમાંથી ૨૭૫ થી વધુ ચેકડેમ પૂર્ણ થઈ ગયા છે. તેમજ ૧૧,૧૧૧ રીચાર્જ બોર કરવાનો પણ સંકલ્પ કરેલ તેમાંથી ૧૪૦૦થી વધુ રિચાર્જ બોર થઈ ચૂકયા છે. આ રીતે દરેક પ્રસંગો કે સારા કાર્યોની શરૂઆત વરસાદી પાણીનું યોગ્ય જતન કરવાથી થાઈ તો પાણી પ્રશ્ન ખુબ સરળતાથી હલ થઈ જાઈ. બોરડી ગામના આગેવાન અશ્વિનભાઈ કુંજડિયા, દલસુખભાઈ સરખેલીયા, પોપટભાઈ હરખાણી, વલ્લભભાઈ ઢોલા, બાબુભાઈ ઢોલા, ઘનશ્યામભાઈ ગાજીપરા, ગોરધનભાઈ સુવાગીયા, હાદાભાઈ બોરીસા તેમજ અમરેલી ગીરગંગા પરિવાર ટ્રસ્ટના રમેશભાઈ ધાનાણી, અરવિંદભાઈ ડોબરીયા, વસંતભાઈ સોરઠીયા, ભાવેશભાઈ ગજેરા, મનોજભાઈ હપાણી વગેરે ભાઈઓ હાજર રહ્યા હતા.

---

#### જનતાજનાર્દન સરકારી તિજોરી છલકાવે છતાં સુવિધા મળતી નથી

## દામનગર શહેરમાં હાડકાતોડ માર્ગોની મરામત કરીને શહેરીજનોની પરેશાની દુર કરો

### શહેરનાં હાર્દસમા વિસ્તારનાં માર્ગોમાં ઠેકઠેકાણે ગાબડા



દામનગર, તા. ૪

અમરેલી જિલ્લામાં બોટાદ અને ભાવનગર જિલ્લાની સરહદે આવેલ દામનગર શહેરનાં ભાવનગર જિલ્લાની સરહદે આવેલ દામનગર શહેરનાં અનેક મહત્ત્વનાં માર્ગો ઉપર મસમોટા ગાબડાઓથી શહેરીજનો તોબા પોકારી ગયા હોય પાલિકાનાં શાસકોએ માર્ગોની મરામત કરવી જોઈએ તેવી માંગ ઉભી છે.

શહેરમાં હાર્દસમા સરદાર ચોક, મોર્ડન ગ્રીન સ્કૂલ, પાલિકા વિસ્તાર, બસ સ્ટેન્ડ ગેઈટ સહિતનાં મહત્ત્વનાં વિસ્તારનાં માર્ગો ઉપર પડેલ જોખમી ખાડા વરસાદ પડે તે પહેલા દુર કરવા શહેરીજનોમાં માંગ ઉભી થઈ છે.

---

## અમરેલીની લેબરકોર્ટ દ્વારા એજન્સીને હુકમ વિધવા સહાય ઓપરેટરોને લઘુત્તમ વેતન મુજબ મહેનતાણું ચુકવવા આદેશ

### ઓપરેટરને ન્યાય મળતાં હાશકારો

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાની તમામ મામલતદાર કચેરીઓ ખાતે જિલ્લા મહીલા અને બાળ અધિકારી કચેરી તમામ તાલુકાના વિધવા સહાય ઓપરેટરોની નિમણુંક માટે આઉસોર્સ એજન્સીને ૧૧ માસનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો. આ એજન્સી ધ્વારા ઓપરેટરોને લઘુતમ વેતન મુજબ મહેનતાણુ ચુકવવામાં ન આવતું ના હોય જેથી આ તમામ ઓપરેટરો ધ્વારા અમરેલી લેબર કોર્ટમાં આ બાબતે કેસ દાખલ કરતા રવિશ અનિલ નાગપાલની લેબર કોર્ટ અમરેલીમાં ત્રણ સામના ટુંકા સમયગાળા આ અંગેનો કેસ ચાલી જતા અને ઓપરેટરોની તરફેણમાં લઘુતમ વેતન મુજબ બાકીનું ચુકવણુ કરવા લેબરકોર્ટ અમરેલી ધ્વારા હુકમ કરવામાં આવેલ છે.

---

#### જાગૃત નાગરિક નટવરલાલ ભાતિયાની માંગ

## દામનગરનાં ૧૫૦ જેટલા ગરીબ પરિવારોને આવાસ યોજનાનો લાભ આપવો જરૂરી

### સાસંદ સુતરીયાને રજુઆત કરાઈ

દામનગર, તા. ૪

દામનગરનાં જાગૃત નાગરિક નટવરલાલ ભાતીયાએ સાસંદ સુતરિયાને રજુઆત કરીને શહેરનાં ૧૫૦ જેટલાં પરિવારોની આવાસ યોજનાની માંગ અરજી ટેકનીકલ કારણોસર પેન્ડિંગ હોય જેમાં થોડા ઘણા નિયમોમાં જન હિતમાં ફેરફાર કરીને આવાસ યોજનાનો લાભ આપવા માંગ કરવામાં આવી છે.

---

#### ઉચ્ચ અધિકારીઓ તટસ્થ તપાસ કરે તે જરૂરી

## બગસરાનાં એસ.ટી. ડેપોમાં ૪૦૦ લીટર ડીઝલનો જથ્થો ઓછો આવ્યાની ચર્ચા

### અમુક કર્મચારીઓ અને ડેપો મેનેજરનાં વિરોધાભાસી નિવેદનો



બગસરા, તા. ૪

બગસરા એસ.ટી. ડેપોમાં પુરવા માટે આવતા ડીઝલમાં આ વખતે ૪૦૦ લીટર ડીઝલ ઓછો આવ્યાની ચર્ચાએ જોર પકડયું છે. જયારે આવી કોઈ ઘટના ન બની હોવાનું ડેપો મેનેજર જણાવી રહ્યા છે. બગસરા એસ.ટી. ડેપોમાં બસ માટે ડીઝલનો જથ્થો આવતો હોય છે. જેમાં બે દિવસ પૂર્વે આવેલા છેલ્લા જથ્થામાં ૪૦૦ લીટર જેટલું ડીઝલ ઓછું આવ્યા હોવાનો ગણગણાટ કર્મચારીઓમાં થઈ રહ્યો છે. આ બાબત બહાર ન આવે તે માટે ડેપોના વહીવટી તંત્ર ધ્વારા છુપાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળેલ છે. કર્મચારીઓને પણ આ બાબતે કોઈ ચર્ચા ન કરવા જણાવવામાં આવ્યું હોય તેવું લાગી રહ્યું છે. આ બાબતે બગસરા ડેપો મેનેજર ધ્વારા ડીઝલનો જથ્થો ઓછો હોવાનો કે ૪૦૦ લીટરની ઘટ ન હોવાનું જણાવ્યું હતું. કર્મચારીઓને ડેપો મેનેજરને વિરોધાભાસી નિવેદનને કારણે હકીકતમાં શું ઘટના બની છે. તેની તપાસ થાય તે જરૂરી છે. જો હકીકતમાં આટલો બધો ડીઝલનો જથ્થો સગેવગે કરવામાં આવ્યો હોય તો જવાબદારો વિરુદ્ધ પગલા લેવામાં આવે તે જરૂરી છે.

## અખિલ વિશ્વ ભારતી ગાયત્રી પરિવાર સંકલિત સંસ્થા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટને

# ભૈ વાહ : ચલાલા ખાતે "સંસ્કૃત શકિત" ગુરૂકુળની મંજૂરી

**સરકારની યોજનાં અંતર્ગત બાળકોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે**

**ધો. ૬ થી ધો. ૧૨ સુધીનાં દીકરા અને દીકરીઓને વિના મૂલ્યે અભ્યાસ કરાવાશે**

**ધો. ૬માં દીકરા-દીકરીઓ માટે હોસ્ટેલની અલગ-અલગ સુવિધા ઉભી કરવામાં આવશે**

**પૂ.શ્રી ડો. રતિદાદાનાં સાંનિધ્યમાં બાળકો વેદ અભ્યાસ કરશે**



અમરેલી, તા. ૪

ચલાલા ખાતે અખિલ વિશ્વ ભારતી પરિવાર સંકલ્પિત સંસ્થા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટને સંસ્કૃત શકિત ગુરૂકુળની મંજૂરી મળતાં સંસ્કૃત પ્રેમીઓમાં ખૂશીઓનો માહોલ જોવા મળી રહ્યો છે.

સરકારશ્રીની સંસ્કૃત શકિત ગુરૂકુળ યોજનાં અંતર્ગત ધો. ૬ થી ધો. ૧૨ સુધીનાં દીકરા અને દીકરીઓને વિનામૂલ્યે અભ્યાસ કરાવાશે. સંસ્કૃત અભ્યાસ સાથે બાળકોને કરાટે, સ્ટેટિંગ, ધનુર્વિધા, ઘોડે સવારી, યોગ, આર્મી ટ્રેનિંગ સાથે સંસ્કાર યુકત શિક્ષણ અપાશે.

અમરેલી જિલ્લાનાં બાળકોને વેદ અભ્યાસ અર્થે અન્ય જિલ્લામાં જવું નહી પડે. સંસ્કૃત પાઠશાળા તથા દેવ સંસ્કૃત વિશ્વ વિદ્યાલયમાં ઉચ્ચ અભ્યાસ કરેલ વેદાચાર્યો ધ્વારા બાળકોને વેદ અભ્યાસ કરાવાશે.

તદુઉપરાંત ધો. ૬ માં પ્રવેશ પણ શરૂ કરી દેવાયો છે અને દીકરા-દીકરીઓ માટે હોસ્ટેલની અલગ-અલગ સુવિધા પણ ઉભી કરવામાં આવી છે તેમજ ચોપડા અને યુનિફોર્મ સંસ્થા ધ્વારા વિનામૂલ્યે આપવામાં આવશે.

પૂ. શ્રી ડો. રતિદાદાનું સ્વપ્ન સાકાર થયું છે અને તેઓનાં સાંનિધ્યમાં બાળકો વેદ અભ્યાસ કરશે. પ્રવેશ માટે તુરત સંસ્કત શકિત ગુરૂકુળ ધારી રોડ, મીઠાપુર (ડું) ચલાલા ખાતે તેમજ મોબાઈલ નંબર ૯૪૨૭૭ ૪૩૮૧૭ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ધૂરંધર'ના સેટ પરથી રણવીર અને સંજયનો વીડિયો લીક

મુંબઈ, તા.૪

બોલીવુડ અભિનેતા રણવીર સિંહ આ દિવસોમાં 'ધૂરંધર' ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. સંજય દત્ત પણ તેમાં છે. તેનું દિગ્દર્શન યામી ગૌતમના પતિ અને 'ઉરી'ના દિગ્દર્શક આદિત્ય ધર કરી રહ્યા છે. સોમવારે, સેટ પરથી એક વીડિયો સોશિયલ મીડિયા પર લીક થયો. આમાં, બંનેના લુક જાહેર થયા છે. રણવીરને જોઈને, તમને 'પદ્માવત'નો 'ખિલજી' ચોક્કસ યાદ આવી જશે.રણવીર સિંહના એક ચાહકે પર વીડિયો શેર કર્યો અને લખ્યું રણવીર લાંબા વાળવાળા લુકમાં જોઈ શકાય છે અને તે તેના ખિલજી અવતારની યાદ અપાવે છે, જે તેણે ફિલ્મ 'પદ્માવત'માં ભજવ્યો હતો. રણવીર અને સંજયના ચાહકો આ વીડિયો જોયા પછી પાગલ થઈ ગયા છે.આ બે સિવાય, આર માધવન, અક્ષય ખન્ના અને અર્જુન રામપાલ આ ફિલ્મમાં જોવા મળશે. ૨૦૨૪ માં દરેકનો ફોટો શેર કરતા રણવીરે લખ્યું, 'આ મારા ચાહકો માટે છે, જેમણે મારી સાથે ખૂબ ધીરજ રાખી છે. હું તમને બધાને પ્રેમ કરું છું અને હું તમને વચન આપું છું, આ વખતે, પહેલા ક્યારેય ન હોય તેવો સિનેમેટિક અનુભવ અમને અને તમને મળશે.'ધુરંધર' ની રિલીઝ તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, પરંતુ અહેવાલ છે કે તે આ વર્ષના અંત સુધીમાં રિલીઝ થશે. નિર્માતાઓએ હજુ સુધી જાહેરાત કરી નથી કે ફિલ્મમાં રણવીર સાથે કઈ અભિનેત્રી જોવા મળશે, પરંતુ અહેવાલ છે કે સારા અર્જુનને કાસ્ટ કરવામાં આવી છે. રણવીર અને તેની વચ્ચે ઉંમરનો તફાવત લગભગ ૨૦ વર્ષનો છે.

## સૌરાષ્ટ્ર પ્રાંતની એએચપીની ગુગલ મીટ યોજાઈ ગઈ

દામનગર, તા.૪

દામનગર આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની સૌરાષ્ટ્ર પ્રાંતની ગુગલ મીટ મીટીગ યોજાઈ હતી. જેમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ ડો. પ્રવિણભાઈ તોગડીયા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ મંત્રી રણછોડભાઈ ભરવાડ, રાષ્ટ્રીય મંત્રી માલાબેન રાવલનું માર્ગદર્શન મળ્યું હતું. સૌરાષ્ટ્ર ભરના પ્રાંત પદાધિકારીઓ ઓન લાઈન ઉપસ્થિત રહ્યા હતા. તેમજ વ્યકિતગત હનુમાન ચાલીસા કેન્દ્ર ખોલવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વ્યકિતગત તાલુકાની સમીતી શહેર સમીતી ગ્રામ્ય સમીતીનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઇ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧, મો. ૯૩૧૩૪ ૮૦૮૦૧
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન ક્લાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮



જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241









ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦






ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫







### સરકારી કર્મચારીઓને મળશે સારા સમાચાર

# સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં થઈ શકે છે બંપર વધારો

### કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સને આશા છે કે આ વખતે મોંઘવારી ભથ્થામાં સારો વધારો થઈ શકે છે

નવી દિલ્હી, તા.૪

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સને આશા છે કે સાતમાં પગાર પંચમાં છેલ્લું મોંઘવારી ભથ્થું વધારો ગત વખત કરતા સારો હશે. સરકારે ચાલુ કેલેન્ડર વર્ષના પહેલા ત્રિમાસિક માટે DA માં ૨% નો વધારો કર્યો છે. હાલના સમયમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સ માટે DA ૫૫ ટકા છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સાતમું પગાર પંચ પોતાનો કાર્યકાળ પૂરો કરશે આથી આ આ વખતનો ડીએ વધારો વર્તમાન પગાર પંચ હેઠળ અંતિમ સંશોધન હશે. મીડિયા રિપોર્ટ મુજબ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ૨૦૨૫માં ડીએનો બીજો ભાગ ૧ જુલાઈ ૨૦૨૫થી લાગૂ થવાનો છે. જો કે તેની જાહેરાત સામાન્ય રીતે તો ઓક્ટોબર કે નવેમ્બરના મહિનામાં દિવાળીની આસપાસ થાય છે. આ બધા વચ્ચે ઈન્ડસ્ટ્રિયલ વર્કર માટે AICPI-IWમાં એપ્રિલ મહિનામાં ૦.૫ અંકની તેજી જોવા મળી છે. જેનાથી કર્મચારીઓને સારા વધારાની આશા જાગી છે. એપ્રિલ ૨૦૨૫માં AICPI-IW ઈન્ડેક્સ વધીને ૧૪૩.૫ થઈ ગયો જે જાન્યુઆરી ૨૦૨૫માં નોંધાયેલા ૧૪૩.૨ થી વધુ છે. ખાસ વાત એ છે કે આ સતત બીજો મહિનો છે જ્યારે ઈન્ડેક્સમાં વધારો નોંધાયો છે. આ અગાઉ જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૫માં તેમાં ઘટાડો જોવા મળ્યો હતો. શ્રમ બ્યુરોએ ૩૦ મે ૨૦૨૫ની રિલીઝમાં કહ્યું હતું કે એપ્રિલ ૨૦૨૫ માટે AICPI-IW ૦.૫ અંક વધીને ૧૪૩.૫ પર પહોંચી ગયો. માર્ચમાં AICPI-IW ઈન્ડેક્સ ૦.૨ પોઈન્ટ વધીને ૧૪૩.૦ પર પહોંચી ગયો. જો કે આ જાન્યુઆરીના ૧૪૩.૨થી થોડું ઓછું છે પરંતુ ડીએ વધારાની રીતે આ પોઝિટિવ સંકેત છે કારણ કે તે પહેલા નવેમ્બર ૨૦૨૪ બાદ AICPI-IW પર આધારિત મોંઘવારીના આંકડામાં સતત ઘટાડો જોવા મળ્યો હતો જે ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ચાલુ રહ્યો હતો. છેલ્લા ૨ મહિના, માર્ચ અને એપ્રિલમાં AICPI-IW માં આ ગ્રોથ દર્શાવે છે કે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સ માટે (DA/DR) લગભગ ૫૭.૯૫% હોઈ શકે છે એટલે કે જુલાઈ ૨૦૨૫થી તેમાં ૩% ગ્રોથ થવાની શક્યતા છે. જો કે જોવાનું એ રહેશે કે આગામી બે મહિનામાં ઈન્ડેક્સમાં કેટલો વધારો કે ઘટાડો થાય છે. બાકીના બે મહિનાના AICPI-IW ઈન્ડેક્સથી એ નક્કી થશે કે કેન્દ્ર સરકારના કર્મચારી અને પેન્શનર્સને કેટલું ડીએ મળશે.

જો કે મોંઘવારી દર માર્ચમાં ૨.૯૫ ટકાથી થોડું ઓછું જઈને એપ્રિલ ૨૦૨૫માં ૨.૯૪ ટકા થઈ ગયો. વર્ષના આધાર ઉપર પણ એપ્રિલ ૨૦૨૫ માટે મોંઘવારી દર ૨.૯૪ ટકા રહી જ્યારે એપ્રિલ ૨૦૨૪માં તે ૩.૮૭ ટકા હતી. અત્રે જણાવવાનું કે શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળ આવતા શ્રમ બ્યૂરો દેશના ૮૮ પ્રમુખ ઈન્ડસ્ટ્રિયલ સેન્ટરમાં ફેલાયેલા ૩૧૭ માર્કેટથી રિટેલ પ્રાઈસ ભેગી કરીને દર મહિને ઈન્ડસ્ટ્રિયલ વર્કર્સ માટે Consumer Price Index બહાર પાડે છે. આંકડાઓ મુજબ એપ્રિલ ૨૦૨૫માં ખાદ્ય પદાર્થ, કપડાં, જૂતા, ફ્યૂલ-લાઈટ અને સોપારી, તમાકૂના ઈન્ડેક્સમાં વધારો થયો છે. AICPI-IWના આંકડાઓના આધારે કેન્દ્ર સરકાર કર્મચારીઓ અને પેન્શનર્સ માટે મોંઘવારી દર નક્કી કરે છે. આ ગણતરી સાતમાં પગાર પંચની ભલામણોને આધારે થાય છે.

### કડી અને વિસાવદર બેઠકની પેટા ચૂંટણી હવે વધુ રસપ્રદ બની ગઈ

# વિસાવદર-કડી પેટા ચૂંટણીમાં ભાજપે ૪૦ નેતાઓને બનાવ્યા સ્ટાર પ્રચારક

### ભાજપે પોતાના તમામ સ્તરના મોટા નેતાઓને સ્ટાર પ્રચારક તરીકે જાહેર કરીને સ્પષ્ટ સંદેશો આપ્યો છે કે બે બેઠકો માટે પણ તે કોઈ કચાશ રાખવા તૈયાર નથી

ગાંધીનગર,તા.૪

ગુજરાત વિધાનસભાની કડી અને વિસાવદર બેઠકની પેટા ચૂંટણી હવે વધુ રસપ્રદ બની ગઈ છે. ઉમેદવારી પત્રો ભરવાની અને ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. આવતીકાલે ઉમેદવારી પત્રો પરત ખેંચવાના દિવસે સ્પષ્ટ થશે કે કોણ કયા ઉમેદવાર સામે મેદાનમાં છે. ભાજપે પોતાના તમામ સ્તરના મોટા નેતાઓને સ્ટાર પ્રચારક તરીકે જાહેર કરીને સ્પષ્ટ સંદેશો આપ્યો છે કે બે બેઠકો માટે પણ તે કોઈ કચાશ રાખવા તૈયાર નથી.

આ વખતે જાહેર થયેલી સ્ટાર પ્રચારકોની યાદીમાં કુલ ૪૦થી વધુ નેતાઓનો સમાવેશ છે. આ યાદી જાહેર થતાં જ સ્પષ્ટ સંકેત મળ્યો છે કે ભાજપે આ ચૂંટણીને માત્ર ૨ બેઠકો માટેની મર્યાદિત લડાઈ માન્યા વિના પ્રેસ્ટિજ ઈશ્યૂ બનાવી છે. આ યાદીમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બામણીયા જેવા મોટા ચહેરાઓ સામેલ છે. સાથે પૂર્વ કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા પણ મેદાનમાં જોવા મળશે. રાજ્યના રાજકારણમાં મોટો અનુભવ ધરાવતા નેતાઓની ફોજ ઉતારવાથી ભાજપના કાર્યકર્તાઓમાં પણ ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે.

રાજ્યના સ્તરે પણ ભારે બળ અપાયું છે. પૂર્વ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી અને ગોરધન ઝડફિયા, તેમજ ભરત બોઘરા, નંદાજી ઠાકોર, વર્ષાબેન દોશી જેવા લોકપ્રિય નેતાઓને પણ પ્રચાર ઝુંબેશમાં ઝંપલાવ્યા છે. ગુજરાત સરકારના ભૂતપૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને આર.સી. ફળદુ જેવા વરિષ્ઠ નેતાઓ, ઉપરાંત વર્તમાન મંત્રી ઋષિકેશ પટેલ, રાઘવજી પટેલ, બળવંતસિંહ રાજપૂત, કુંવરજી બાવળિયા, હર્ષ સંઘવી અને જગદીશ વિશ્વકર્મા પણ પ્રચારના મોરચા પર આગળ આવી રહ્યા છે.

મહત્વનું છે કે, જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા અને મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલ પણ મેદાનમાં ઉતારાયા છે. સાથે અનુસૂચિત જાતિ મોરચાના અધ્યક્ષ ગૌતમ ગેડિયા અને બક્ષીપંચ મોરચાના મયંક નાયક પણ ભાજપની ચૂંટણી સુત્રાચાર વ્યૂહરચનામાં જોડાયા છે. અન્ય નામોમાં દીપિકાબેન સરડવા, લવિંગજી ઠાકોર, શંભુનાથ ટુંડિયા, હીરાભાઈ સોલંકી, જયેશ રાદડિયા, પ્રદ્યુમન વાજા અને સંજય દેસાઈ જેવા મજબૂત ક્ષેત્રીય નેતાઓ સામેલ છે.બીજી તરફ, કોંગ્રેસે હજુ સુધી સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી નથી, તેમ ભાજપના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. ભાજપે આ પ્રચાર ઝુંબેશને માત્ર ચૂંટણીનું મંચ નહીં, પરંતુ સરકારના વિકાસના દાવાઓને લોકસમક્ષ મૂકવાનો મોટો મોકો બનાવ્યો છે. સ્ટાર પ્રચારકો પણ પોતાની લોકપ્રિયતા અને છબીનો ઉપયોગ કરીને મતદારો સુધી સરકારી યોજનાઓ અને વિકાસ કાર્યોને લઈને ચર્ચા કરશે.

### RCBની જીતની ખુશી માતમમાં બદલાઈ

# ચિન્નાસ્વામી સ્ટેડિયમ બહાર ભીડ બેકાબૂ : ભાગદોડમાં ૧૧નાં મોત

### શાસનને જ્યાં ૨ લાખ લોકોની ભીડનું અનુમાન હતું, ત્યાં લગભગ ૬ લાખ લોકો મેદાન બહાર એકઠા થઈ ગયા

બેંગલુરુ, તા.૪

૧૮ વર્ષ સુધી લાંબી રાહ જોયા બાદ આઈપીએલ ટ્રોફી અને શહેર આખામાં જશ્નની તૈયારી હતી, પણ આરસીબીની ઐતિહાસિક જીતનો આ જશ્ન માતમમાં ફેરવાઈ ગયો. જ્યારે ચિન્નાસ્વામી સ્ટેડિયમ બહાર ભીડ બેકાબૂ થઈ ગઈ અને ભાગદોડમાં ૧૧ લોકોનાં મોત થઈ ગયાં. જ્યારે ૨૭થી વધારે લોકો ઘાયલ થઈ ગયા. પ્રશાસનને જ્યાં ૨ લાખ લોકોની ભીડનું અનુમાન હતું, ત્યાં લગભગ ૬ લાખ લોકો મેદાન બહાર એકઠા થઈ ગયા. સ્થિતિ એવી થઈ કે ૩૨૦૦૦ની ક્ષમતાવાળા સ્ટેડિયમમાં લગભગ ૧ લાખ લોકો જેમ તેમ કરીને ઘૂસી ગયા.સ્ટેડિયમમાં પ્રવેશ માટે કેટલાય ગેટ હતા, પણ અફરાતફરી ફક્ત ત્યારે મચી ગઈ, જ્યારે ભીડનું પ્રેશર એક જ ગેટ પર આવી ગયું. પોલીસ અને સ્ટેડિયમ પ્રશાસને તરત લોકોને રોકવાની કોશિશ કરી, પણ લોકોએ કોઈની વાત સાંભળી નહીં. કેટલાય તો દીવાલ કૂદીને અંદર ઘૂસતા દેખાયા. એક અધિકારીએ જણાવ્યું કે, "લોકો કોઈ પણ કિંમતે અંદર જવા માગતા હતા. તેમણે દરવાજો પણ ન જોયો, બસ આગળ વધતા રહ્યા." સ્થાનિક લોકોએ કહ્યું કે, "ત્યાર બાદ પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો, જેના કારણે અફરાતફરી મચી ગઈ."

બહારનો માહોલ એકદમ જશ્ન જેવો હતો, લાખો લોકો ઢોલ નગારા પર નાચી રહ્યા હતા. ફટાકડા ફોડતા હતા અને વિરાટ કોહલી, ફાફ ડુ પ્લેસિસ જેવા ખેલાડીઓના કટઆઉટ પર માળા ચડાવી રહ્યા હતા. પણ જેવી ભીડ વધી અને બેકાબૂ થઈ કે ખુશીઓ ચીસોમાં બદલાઈ ગઈ. પોલીસની ચેતવણી અને બેરિકેડ્સને પાર કરતા લોકો સ્ટેડિયમ તરફ તૂટી પડ્યા.

આ દુર્ઘટનામાં કેટલાય લોકો ઘાયલ પણ થયા છે. જેમને તાત્કાલિક બોવરિંગ હોસ્પિટલમાં દાખલ કરાવ્યા છે. હોસ્પિટલ બહાર હજુ પણ ભીડ છે. પોલીસ લોકોની ભીડ અને વિસ્તારને ખાલી કરવાનો અનુરોધ કરી રહી છે. સોશિયલ મીડિયા પર આ ઘટનાના અનેક વીડિયો વાઈરલ થઈ રહ્યા છે.

આરસીબીની પહેલી જીત અને શહેરની દીવાનગી જોતાં, આ સવાલ ઉઠે છે કે આખરે પ્રશાસને ખાલી ૨ લાખની તૈયારી કેમ કરી? જ્યારે સોશિયલ મીડિયા પર પહેલાથી જ લાખો લોકો પહોંચવાની ચર્ચા હતી. ટ્રાફિક રૂટ, વૈકલ્પિક સ્થળ અથવા પ્રવેશ કંટ્રોલ જેવી કોઈ ખાસ રણનીતિ દેખાઈ નહીં. RCBના એક ચાહકે કહ્યું, "અંદર પણ સીટો ભરેલી છે અને તેથી તેઓ અમને અંદર જવા દેતા નથી. અમે પાછા જવા માંગીએ છીએ, પણ અમને પાછા જવાની મંજૂરી નથી. ગેટ પર લોકોની ભીડ છે, જો તેઓ ગેટ ખોલશે તો પણ લોકો અંદર આવવા લાગશે અને ઘણા લોકો ઘાયલ થયા છે..."

કર્ણાટક ભાજપે કહ્યું, "૧૦ લોકો મૃત્યુ પામ્યા છે. કોંગ્રેસ સરકારની બેજવાબદારીના કારણે ભાગદોડ પછી ઘણા લોકો જીવન માટે સંઘર્ષ કરી રહ્યા છે. ભીડને કાબૂમાં લેવા માટે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. કોઈ મૂળભૂત વ્યવસ્થા નહોતી. ફક્ત અરાજકતા. જ્યારે નિર્દોષ લોકો મરી રહ્યા હતા, ત્યારે સિદ્ધારમૈયા અને ડી.કે. શિવકુમાર ક્રિકેટરો સાથે રીલ્સ શૂટ કરવામાં અને લાઈમલાઈટ મેળવવામાં વ્યસ્ત હતા. આ ગુનાહિત બેદરકારી છે. કોંગ્રેસ સરકારના હાથ લોહીથી રંગાયેલા છે."

ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર થયેલી ભાગદોડ અંગે ભાજપે કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. અમિત માલવિયાએ કહ્યું, "આ હૃદયદ્રાવક ઘટના ટાળી શકાઈ હોત. રાજ્ય સરકારની મૂળભૂત વહીવટી દૂરંદેશીનો અભાવ અને ભીડને કાબૂમાં લેવામાં નિષ્ફળતાને કારણે ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થયું છે. આ ઘટના માટે જવાબદારી નક્કી થવી જોઈએ. જીવ બેદરકારીને કારણે ગયા, અકસ્માતે નહીં."

### આસામમાં ચારેબાજુ પાણી જ પાણી, વધુ છ લોકોનાં મૃત્યુ

# બિહાર સહિત પૂર્વોત્તર ભારતમાં મેઘ તાંડવથી તબાહી સર્જાઈ : ૩૨નાં મોત

### છાતેન આર્મી કેમ્પ વિસ્તારમાં ભૂસ્ખલનને લીધે આર્મીના ત્રણ જવાનોના દટાઈ જવાથી મોત

પટણા/આઈઝોલ, તા.૪

દેશમાં બિહાર તેમજ પૂર્વોત્તર ભારતના વિસ્તારોમાં અવિરત વરસાદને લીધે પરિસ્થિતિ વિકટ બની છે. મેઘ તાંડવને લીધે કેટલાક રાજ્યોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ભૂસ્ખલન, ઝાડ અને વીજળી પડવાની વિવિધ ઘટનાઓમાં કુલ ૩૨ લોકોના મોત થયા છે. મંગળવારે બિહારના સિવાન જિલ્લામાં કરા સાથે અતિભારે વરસાદે સાત લોકોનો ભોગ લીધો હતો. આસામમાં પૂરના પ્રકોપને લીધે સ્થિતિ સૌથી વધુ કફોડી થઈ છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદથી રાજ્યમાં ચારેકોર પાણી જ પાણી નજરે પડે છે. આસામમાં ૬.૩૧ લાખ લોખો પૂરથી પ્રભાવિત થયા છે. રાજ્યમાં વધુ છ લોકોના મોત પણ થયા છે. અરૂણાચલ પ્રદેશમાં વરસાદ સંલગ્ન ઘટનાઓમાં ૧૦ લોકોના તથા મિઝોરમમાં પાંચ, અને મણિપુરમાં એક વ્યક્તિનું મોત થયું હોવાની વિગતો છે. સિક્કિમના છાતેન આર્મી કેમ્પ વિસ્તારમાં ભૂસ્ખલનને લીધે આર્મીના ત્રણ જવાનોના દટાઈ જવાથી મોત નિપજ્યા હતા. બિહારના રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન વિભાગ (ડીએમડી)ના જણાવ્યા મુજબ સિવાન જિલ્લામાં ભારે કરા સાથે વરસાદ ખાબકતાં સંખ્યાબંધ ઘરોના છાપરા ઉડી ગયા હતા જ્યારે અનેક સ્થળે ઝાડ પડવાના બનાવો સામે આવ્યા હતા. બરહરિયા, બસંતપુર, લાકરી નબીગંજ અને ગોરૈયા પ્રભાવિત ક્ષેત્રો છે. રાજ્યમાં સાત લોકોના મોત નિપજ્યા છે. એપ્રિલમાં બિહારના વિવિધ ભાગોમાં વીજળી પડવાથી અને વાવાઝોડાને પગલે ૯૦ લોકોના મોત થયા હોવાનું ડીએમડીએ જણાવ્યું હતું. નાલંદા સૌથી વધુ પ્રભાવિત ક્ષેત્ર રહ્યું છે જ્યાં એક મહિનામાં ૨૩ લોકોનાં મોત થયા હતા. આસામમાં પૂરને પગલે સ્થિતિ કફોડી થઈ છે અને મંગળવારે વધુ છ લોકોએ જીવ ગુમાવ્યો હતો. આસામમાં પૂરને પગલે અત્યાર સુધીમાં મૃત્યુઆંક વધીને ૧૭ પર પહોંચી ગયો છે. રાજ્યના ૨૧ જિલ્લાઓમાં મળીને ૬.૩૧ લાખ લોકો પ્રભાવિત થયા છે. રાજ્યમાં સાત નદીઓ જોખમી સ્તરથી ઉપર વહી રહી છે. કટખલ નદી પૂરના જોખમી સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂરની સ્થિતિની માહિતી મેળવી હતી અને મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સર્માને કેન્દ્ર તરફથી તમામ મદદનું આશ્વાસન આપ્યું હતું. શ્રીભૂમી જિલ્લામાં ૨.૩૧ લાખ લોકો પ્રભાવિત થયા હોવાનું સ્થાનિક તંત્રએ જણાવ્યું હતું. ઉત્તર સિક્કમમાં વરસાદને લીધે ભૂસ્ખલન થવાથી લાચુંગ તથા ચુંગથાંગમાં ફસાયેલા ૧,૬૭૮ પ્રવાસીઓને સુરક્ષિત બચાવવામાં આવ્યા હતા. લાચેન ખાતે વધુ ૧૦૦ જેટલા પ્રવાસીઓ ફસાયા હોવાની વિગતો છે. સિક્કિમના છાતેન આર્મી કેમ્પ ક્ષેત્રમાં મંગળવારે ભૂસ્ખલન થયું હોવાથી ત્રણ જવાનના મોત થયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ છ જવાનો ગુમ થયા છે. મૃતકોની ઓળખ લખવિંદર સિંહ, લાન્સ નાયક મનીષ ઠાકુર અને પોર્ટર અભિષેક લખાડા તરીકે થઈ છે. વરસાદ ચાલુ હોવાથી પડકારો વચ્ચે પણ છ જવાનોની શોધખોળની કામગીરી ચાલુ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

### ખેતીના પાકથી મનુષ્યમાં ફેલાશે!

# ચીને કોરોના બાદ હવે તૈયાર કર્યો નવો વાયરસ 'Fusarium'

### ફ્યુઝેરિયમ ગ્રામીનેરમ નામની આ ફૂગ ઘઉં, જવ, મકાઈ અને ચોખામાં જીવલેણ રોગનું કારણ બને છે

બેઈજીંગ, તા.૪

ચીન વિશ્વ બજાર પર રાજ કરવા માંગે છે. દરરોજ તેના પર અન્ય દેશોની સરહદોમાં પ્રવેશવાનો, તેની સરહદોની બહાર નવી ઈમારતો બનાવવાનો અને અન્ય દેશોને આર્થિક અને સામાજિક નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવે છે. હવે અમેરિકાએ ડ્રેગનનું નવું રહસ્ય ખોલ્યું છે. ખરેખર, અમેરિકાની ગુપ્તચર એજન્સી FBI એ બે ચીની નાગરિકોની ધરપકડ કરી છે જેઓ એક પ્રકારની ફૂગ (રોગ) સાથે અમેરિકામાં પ્રવેશ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે બંનેનો ઉદ્દેશ્ય અમેરિકાને ભારે આર્થિક નુકસાન પહોંચાડવાનો હતો.

બે ચીની નાગરિકોની ઓળખ Yunqing Jian (33) અને Zunyong Liu (34) તરીકે થઈ છે. Jian અમેરિકાની એક યુનિવર્સિટીમાં કામ કરે છે અને Liu તેનો બોયફ્રેન્ડ છે જે ચીનની એક યુનિવર્સિટીમાં કામ કરે છે. યુએસ તપાસ એજન્સીઓએ બંને પર આ ફૂગને તેમના દેશમાં દાણચોરી કરવાનો આરોપ લગાવ્યો છે. એફબીઆઈ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ એક ખતરનાક ફૂગ છે, જેને "dangerous biological pathogen" તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આ વાયરસનું નામ Fusarium graminearum છે. યુએસ અધિકારીઓના મતે, ફ્યુઝેરિયમ ગ્રામીનેરમ નામની આ ફૂગ ઘઉં, જવ, મકાઈ અને ચોખામાં જીવલેણ રોગ પેદા કરી શકે છે. તે મોટી સંખ્યામાં પાકનો નાશ કરી શકે છે અને જો તે લોકોના પેટમાં પહોંચે છે, તો તે લોકોમાં ઉલટી, ઝાડા અને ગંભીર લીવરને નુકસાન પહોંચાડી શકે છે અને વ્યક્તિનું મૃત્યુ પણ કરી શકે છે. યુએસ તપાસ એજન્સી અનુસાર યુનકિંગ અને ઝુન્યોંગ પર કાવતરું, દાણચોરી અને વિઝા છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો છે. બંને શરૂઆતની પૂછપરછમાં સહકાર આપી રહ્યા નથી અને વારંવાર ખોટું બોલી રહ્યા છે અને પોતાના નિવેદનો બદલી રહ્યા છે. માહિતી મુજબ, ઝુન્યોંગ લિયુની ગર્લફ્રેન્ડ અમેરિકાની મિશિગન યુનિવર્સિટીની લેબોરેટરીમાં કામ કરે છે. લિયુ ડેટ્રોઈટ એરપોર્ટથી અમેરિકામાં પ્રવેશ્યો હતો અને તેની યોજના તેની ગર્લફ્રેન્ડની મદદથી લેબમાં ફૂગ પર કામ કરવાની હતી. વૈજ્ઞાનિકોના મતે, ફ્યુઝેરિયમ ગ્રામીનેરમ એક ઘાતક વાયરસ છે, તે અનાજમાં ફેલાય છે અને માનવ શરીરમાં પ્રવેશ કરે છે અને પછી લાંબા સમયની બીમારીનું કારણ બની શકે છે. નિષ્ણાતોના મતે જ્યાં સુધી ડોકટરો તેનાથી પીડિત વ્યક્તિના રોગ અથવા આ વાયરસને શોધી કાઢે છે, ત્યાં સુધીમાં તે પીડિત માટે ઘાતક સાબિત થઈ શકે છે.

અમેરિકન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ફૂગને વૈજ્ઞાનિક ભાષામાં "pOential agrOerrorism weapon" કહેવામાં આવે છે. અમેરિકન એટર્ની ઓફિસ અનુસાર, દર વર્ષે વિશ્વભરના દેશો આ ફૂગનો ઉપયોગ કરીને અબજો રૂપિયાનું નુકસાન સહન કરે છે.

વાસ્તવમાં એક દેશ કોઈક રીતે દુશ્મન દેશના ઘઉં, ચોખા વગેરે પાકોમાં આ ફૂગ ફેલાવે છે, જેના કારણે મોટી સંખ્યામાં પાક નાશ પામે છે અને ખાવા યોગ્ય નથી રહેતા. આનાથી ખેડૂત અને સરકારને આર્થિક નુકસાન થાય છે અને તેના પર દબાણ આવે છે. ઘણા નાના દેશોને તેમના લોકોને ખવડાવવા માટે અન્ય દેશો પાસેથી અનાજ ઉધાર લેવું પડે છે અથવા તો વિશ્વ બેંક પાસેથી પૈસા પણ લેવા પડે છે. અમેરિકન તપાસ અધિકારીઓના જણાવ્યા અનુસાર આરોપીઓ ચીની કમ્યુનિસ્ટ પાર્ટીના સક્રિય સભ્યો છે અને આ કામ માટે ચીન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવી રહ્યું હતું. આ અમેરિકાના લોકોના જીવન અને આર્થિક સુરક્ષા માટે અત્યંત જોખમી છે. તમને જણાવી દઈએ કે સમગ્ર કેસની તપાસ FBI, US Customs અને Border PrOection ફોર્સ દ્વારા કરવામાં આવી રહી છે. તપાસ એજન્સીઓ બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરીને કેસની વધુ તપાસ કરી રહી છે.

### સર્વપક્ષીય સંસદીય પ્રતિનિધિમંડળોએ

# આતંક સામે ભારતની ઝીરો ટોલેરન્સની નીતિનો મેસેજ વિશ્વને આપ્યો

કેરો, તા.૪

સર્વપક્ષીય સંસદીય પ્રતિનિધિમંડળોએ મંગળવારે આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાના ભારતના મક્કમ સંદેશને અસરકારક રીતે અનેક દેશોને પહોંચાડ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે પાકિસ્તાન આતંકી અડ્ડા પર મોટી કાર્યવાહી કરશે તો જ નવી દિલ્હી ઈસ્લામાબાદ સાથે વાતચીત કરશે. બ્રાઝિલના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહેલા કોંગ્રેસના સાંસદ શશી થરૂરે જણાવ્યું હતું કે પાકિસ્તાન તેના દરેક જગ્યાએ દેખાતા ટેરર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કાર્યવાહી કરે તો ભારત વાતચીત કરી શકે છે. તેઓ આપણા ભારતના ૧૦૦૦ ટુકડા કરવા માગે છે. તેઓ આટલી સરળતા લોહી વહેવડાવી શકશે નહીં. તેમણે આ વિચાર ભૂલી જવો જોઈએ. આતંકવાદ સામે ભારતના વલણને વિશ્વના દેશો માન્યતા આપી રહ્યા છે કે નહીં તેવા સવાલના જવાબમાં થરૂરે જણાવ્યું હતું કે તેમનું પ્રતિનિધિમંડળ અત્યાર સુધી ગુયાના, પનામા, કોલંબિયા અને બ્રાઝિલની મુલાકાત લઈ ચૂક્યું છે. આ ચારેય દેશોમાં અમને ખૂબ જ સ્પષ્ટ સફળતા મળી છે. કોલંબિયાનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે અમે અમારો સંદેશ ખૂબ જ સ્પષ્ટ રીતે પહોંચાડ્યો છે, જેમાં એવા લોકોનો પણ સમાવેશ થાય છે જેમને કેટલીક ગેરસમજ થઈ હશે. અગાઉ, થરૂરે કહ્યું હતું કે કોલંબિયાએ અગાઉ પાકિસ્તાન પ્રત્યે સંવેદના વ્યકત કરતું નિવેદન આપ્યું હતું, પરંતુ તેમના પ્રતિનિધિમંડળે સરહદ પારના આતંકવાદને ઈસ્લામાબાદના અવિરત સમર્થન વિશે સમજાવ્યું હતું ત્યારે કોલંબિયાએ આ નિવેદન પાછું ખેંચી લીધું હતું.લંડનમાં ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળે યુકે સરકારના મંત્રીઓ, સંસદસભ્યો, પક્ષના નેતાઓ, થિંક ટેન્કો અને ભારત મિત્રતા જૂથો સાથે મુલાકાત કરી હતી. લંડનમાં ભારતીય હાઈ કમિશને જણાવ્યું હતું કે આ પ્રતિનિધિમંડળને વ્યાપક સમર્થન મળ્યું, જે વૈશ્વિક સુરક્ષા, ન્યાય અને વ્યૂહાત્મક ભાગીદારી પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતાઓની પુષ્ટિ કરે છે. આ પ્રતિનિધિમંડળ કન્ઝર્વેટિવ પાર્ટીના સહ-અધ્યક્ષ લોર્ડ ડોમિનિક જોન્સન અને કન્ઝર્વેટિવ ફ્રેન્ડ્સ ઓફ ઈન્ડિયાના સહ-અધ્યક્ષ, કુલેશ શાહને મળ્યું હતું. તેઓએ આતંકવાદ સામે ભારતની લડાઈને મજબૂત સમર્થન આપ્યું અને યુકેમાં ભારતીય ડાયસ્પોરાના યોગદાનની પ્રશંસા કરી હતી. લંડનથી પ્રતિનિધિમંડળ બ્રસેલ્સ જશે જ્યાં તેઓ યુરોપિયન યુનિયન અને બેલ્જિયમના અધિકારીઓ સાથે વાતચીત કરશે.કૈરોમાં સાંસદ સુપ્રિયા સુલેના નેતૃત્વ હેઠળના સર્વપક્ષીય ભારતીય પ્રતિનિધિમંડળ સાથેની મુલાકાત ઈજિપ્તના વિદેશ પ્રધાન બદ્ર અબ્દેલટ્ટીએ આતંકવાદ સામેની લડાઈમાં ભારતને તેમના દેશનું સમર્થન આપ્યું હતું અને આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં દ્વિપક્ષીય સહયોગનું સ્વાગત કર્યું હતું. પ્રતિનિધિમંડળે આરબ લીગના મહાસચિવ અહેમદ અબુલ ઘેતને પણ મળ્યા અને ૨૨ સભ્યોના બ્લોક સાથે ભારતના વ્યાપક રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક જોડાણ અંગે ચર્ચા કરી હતી.

### વોટિંગ આંકડામાં છેડછાડના આક્ષેપો વચ્ચે ચૂંટણી પંચનો નિર્ણય

# મતદાનના ડેટામાં વિલંબ ટાળવા ચૂંટણી પંચ નવી સિસ્ટમ અપનાવશે

### PRO દ્વારા મતદાનની ટકાવારીનો ડેટા ECINETમાં દાખલ કરાશે

નવી દિલ્હી, તા.૪

મતદાન ટકાવારીના આંકડામાં છેડછાડના વિરોધ પક્ષોના આક્ષેપોનો સામનો કરી રહેલા ચૂંટણી પંચે મંગળવારે જણાવ્યું હતું કે તે મતદાન ટકાવારીના ડેટાની સમયસર માહિતી ઉપલબ્ધ કરવા માટે ટેકનોલોજી આધારિત સિસ્ટમ લાવી રહ્યું છે. તેનાથી મતદાનની ટકાવારીના ડેટામાં થતાં વિલંબમાં મોટો ઘટાડો થશે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે હાલની મેન્યુઅલ પદ્ધતિથી મતગણતરીની ટકાવારીના ડેટામાં વિલંબ થાય છે અને તેનાથી ગેરસમજો ઊભી થાય છે.નવી સિસ્ટમ હેઠળ દરેક મતદાન મથકના પ્રિસાઈડિંગ ઓફિસર (PRO) હવે મતદાનના દિવસે દર બે કલાકે નવી ECINET એપ્લિકેશન પર મતદાન ડેટા દાખલ કરશે. તેનાથી આ ડેટા મતવિસ્તાર સ્તરે આપમેળે સરેરાશ ધોરણે ગણાઈ જશે. મતદાન ટકાવારીના અંદાજિત ડેટા પહેલાની જેમ દર બે કલાકે પ્રકાશિત થવાનું ચાલુ રહેશે. ચૂંટણીપંચે જણાવ્યું હતું કે મતદાન પૂર્ણ થયા પછી તરત જ, મતદાન મથક છોડતા પહેલા PRO દ્વારા મતદાનની ટકાવારીનો ડેટા ECINETમાં દાખલ કરાશે.

### સંક્રમિતોની સંખ્યા ૫૦૦ને પાર

# રાજ્યમાં એક જ દિવસમાં કોરોનાના ૧૧૯ કેસ નોંધાયા

### અમદાવાદમાં વધુ એક દર્દીનું કોરોનાને કારણે મોત

અમદાવાદ, તા.૪

ગુજરાતમાં ફરી કોરોના વાયરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં આજે કોરોના વાયરસના નવા ૧૧૯ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતોની સંખ્યા ૫૦૮ થઈ ગઈ છે. જેમાં ૧૮ લોકો હોસ્પિટલમાં દાખલ છે, જ્યારે ૪૦૯ હોમ આઈસોલેશનમાં છે.

રાજ્યના આરોગ્ય વિભાગે આપેલી માહિતી પ્રમાણે ગુજરાતમાં આજે ૫૦૮ નવા કેસ નોંધાયા જ્યારે ૭૨ લોકો કોરોનાથી સાજા થયા છે. ગુજરાતમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૫૦૮ થઈ ગઈ છે. રાહતની વાત છે કે હોસ્પિટલમાં દાખલ દર્દીઓની સંખ્યા માત્ર ૧૮ છે, સાથે કોઈના મોત થયા નથી. અમદાવાદમાં વધુ એક દર્દીનું કોરોનાને કારણે મોત થયું છે. જેમા એક ૨૦ વર્ષીય યુવકનું કોરોનાને કારણે મોત થયું છે. અમદાવાદમાં હાલ ૨૮૧ એક્ટિવ કેસ છે. જેમા સૌથી વધુ ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૯૫ કેસ જ્યારે પશ્ચિમ ઝોનમાં ૮૬ કેસ નોંધાયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) અનુસાર, હાલમાં ફેલાયેલો ચેપ ઓમિક્રોનના સબ-વેરિઅન્ટ NB.1.8.1 ને કારણે થઈ રહ્યો છે. તે ઝડપથી ફેલાય છે, પરંતુ તેની તીવ્રતા ઓછી છે. તેના લક્ષણોમાં તાવ, ઉધરસ, ગળામાં દુખાવો, થાક, માથાનો દુખાવો, શરીરમાં દુખાવો, નાકમાંથી પાણી આવવું અને ભૂખ ન લાગવી સામેલ છે, જે સામાન્ય મોસમી ફ્લૂ જેવા જ છે. આરોગ્ય નિષ્ણાતોએ સાવધાની રાખવાની ચેતવણી આપી છે.

### મનીષ સિસોદિયા-સત્યેન્દ્ર જૈનને ACBના સમન્સ

# ૨૦૦૦ કરોડના કૌભાંડ મામલે AAPના દિગ્ગજોની મુશ્કેલી વધી

**હલકી ગુણવત્તાવાળા મટિરિયલનો ઉપયોગ કર્યાનો આરોપ**

નવી દિલ્હી, તા.૪

દિલ્હીની સરકારી શાળાઓમાં ક્લાસરૂમના બાંધકામમાં કથિત ભ્રષ્ટાચારના સંદર્ભમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) એ મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનને સમન્સ પાઠવ્યા છે. સત્યેન્દ્ર જૈનને ૬ જૂને અને મનીષ સિસોદિયાને ૯ જૂને હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે. દિલ્હીમાં આપ સરકારના શાસનકાળ દરમિયાન ૧૨,૭૪૮ ક્લાસરૂમના નિર્માણમાં ૨૦૦૦ કરોડ રૂપિયાનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. આ પ્રોજેક્ટ કથિત રીતે આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા કેટલાક કોન્ટ્રાક્ટરોને આપવામાં આવ્યો હતો. જેમાં બાંધકામમાં મોટા પાયે ખર્ચમાં વધારો જોવા મળ્યો હતો તેમજ નિર્ધારિત સમયગાળામાં એક પણ કામ પૂર્ણ થયું ન હતું.

ACB નોંધાયેલા કેસમાં, મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈન પર દિલ્હી સરકારી શાળાઓના ક્લાસરૂમના નિર્માણમાં મોટી નાણાકીય ગેરરીતિઓ આચરવામાં આવી હોવાનો આરોપ છે. તેમજ તપાસ એજન્સીએ નોંધાયેલા કેસમાં આરોપ લગાવ્યો છે કે દિલ્હીમાં આમ આદમી પાર્ટીના શાસનકાળ દરમિયાન ૧૨,૭૪૮ ક્લાસરૂમ બનાવવામાં આવ્યા હતા. ચાર્જશીટ મુજબ, આ વર્ગખંડોના બાંધકામમાં હલકી ગુણવત્તાવાળા મટિરિયલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પરંતુ તેના માટે પૈસા વધુ સારી આરસીસી બાંધકામ ટેકનોલોજીના દરે વસૂલવામાં આવ્યા હતા. એન્ટી કરપ્શન બ્યુરોએ એવો પણ આરોપ લગાવ્યો છે કે આ ક્લાસરૂમ બનાવવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલા ૩૪ કોન્ટ્રાક્ટરોમાંથી મોટાભાગના આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા હતા. જેમાં આ લોકો સાથે મળીને હલકી ગુણવત્તાવાળા ક્લાસરૂમ બનાવીને નાણાકીય ગેરરીતિ કરવામાં આવી હતી. આમાં બાળકોની સલામતી પણ દાવ પર લગાવવામાં આવી હતી. તેમજ ઘણી જગ્યાએ તો કોઈ ક્લાસરૂમ બનાવવામાં આવ્યો ન હતો, પરંતુ શૌચાલયને જ ક્લાસરૂમ જાહેર કરવામાં આવ્યો હતો અને તેનો ખર્ચ પણ જાહેર પૈસામાંથી વસૂલવામાં આવ્યો હતો. ભાજપના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે દિલ્હીની તત્કાલીન સરકારે એક જ શાળામાં ચાર પાળી ચલાવીને શાળાઓની સંખ્યામાં વધારો દર્શાવ્યો હતો.

### નેતાઓને લીધા આડે હાથ

# રાહુલ ગાંધીએ જ ગુજરાત કોંગ્રેસ પાર્ટીની ખોલી પોલ

**૩૧મે સુધી નામ પરની તારીખ પણ વીતી ગઈ છે, જ્યારે હજુ પણ સંગઠનની જાહેરાતમાં વિલંબ થશે**

અમદાવાદ, તા.૪

ગુજરાત કોંગ્રેસને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. જિલ્લાના સંગઠનને લઈને વિલંબ જોવા મળી રહ્યો છે. ૩૧મે સુધી નામ પરની તારીખ પણ વીતી ગઈ છે. જ્યારે હજુ પણ સંગઠનની જાહેરાતમાં વિલંબ થશે. રાહુલ ગાંધીએ યાદી અટકાવી હોવાની માહિતી મળી રહી છે. કોંગ્રેસના નેતાઓને ફરી યાદી આપવા સુચના અપાઈ છે. રાહુલ ગાંધી કાર્યાલય તરફથી સુચના અપાઈ છે. બીજી બાજુ, રાહુલ ગાંધીએ ગુજરાત કોંગ્રેસ સામે સવાલ ઉઠાવ્યા છે. રાહુલ ગાંધીએ ગુજરાત કોંગ્રેસના નેતાઓને આડેહાથ લીધા છે. ભોપાલ ખાતે કોંગ્રેસના કાર્યક્રમમાં રાહુલ ગાંધીનું નિવેદન સામે આવ્યું છે. રાહુલ ગાંધીએ જ ગુજરાત કોંગ્રેસની પોલ ખોલી છે.

જ્યારે કોંગ્રેસના સિનિયરોએ ખેલ કર્યાની ચર્ચા છે. જિલ્લાના પ્રમુખ માટે યાદીમાં આસિસ્ટન્ટના નામ હતા. જિલ્લા પ્રમુખ માટે બે પ્રકારની યાદીઓ આવી હતી. બંન્ને યાદીમાં જમીન આસમાનનો તફાવત હોવાનું રાહુલ ગાંધીએ જણાવ્યું હતું. તેમના જણાવ્યા અનુસાર, એક લિસ્ટમાં નેતાઓના આસિસ્ટન્ટ અને બીજી યાદીમાં કામ પોટેન્યિયલવાળા નેતાઓ હતા.

ઉલ્લેખનીય છે કે, જિલ્લા સંગઠનની રચનાને લઈને AICCના નિરીક્ષકોની આગેવાનીમાં સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. AICCના નીરિક્ષકો સાથે પ્રદેશના પણ નીરિક્ષકો જોડાયા હતા. આ સાથે જ જિલ્લા પ્રમુખ માટે ચાર લોકોની યાદી દિલ્હી મોકલાઈ હતી અને ૩૧ મે સુધી નામ પર મહોર બાદ જાહેરાત થવાની હતી. આવામાં હજુ જિલ્લા સંગઠનની જાહેરાતમાં વિલંબ થશે, તે પ્રકારની વાત સામે આવી રહી છે.

### કેટલાક મહત્વના બિલો પર ચર્ચાની સંભાવના

# ૨૧ જુલાઈથી ચોમાસું સત્ર શરૂ થશે, હોબાળાની શક્યતા

**કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી ૧૨ ઓગસ્ટ સુધી ચાલશે : સત્રમાં વીમા સુધારા બિલ રજૂ થઈ શકે છે**

નવી દિલ્હી, તા.૪

સંસદના ચોમાસુ સત્રની તારીખો જાહેર કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી ૧૨ ઓગસ્ટ સુધી ચાલશે. આનો અર્થ એ થયો કે મહત્વપૂર્ણ બિલો અને મુદ્દાઓ પર સંસદમાં ૨૩ દિવસ સુધી ચર્ચા કરવામાં આવશે.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે સરકારે ૨૧ જુલાઈથી ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ સુધી સંસદનું ચોમાસુ સત્ર ચલાવવાનો નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર સંસદના નિયમો હેઠળ તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવા તૈયાર છે.

ત્રણ મહિનાથી વધુ સમયના અંતરાલ પછી, સંસદના બંને ગૃહો ૨૧ જુલાઈથી શરૂ થશે. તમને જણાવી દઈએ કે સંસદનું બજેટ સત્ર આ વર્ષે ૩૧ જાન્યુઆરીથી શરૂ થયું હતું. બંને ગૃહોને ૪ એપ્રિલના રોજ અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યા હતા.

સંસદના ચોમાસુ સત્રમાં વીમા સુધારા બિલ રજૂ થઈ શકે છે. આ બિલ વીમા ક્ષેત્રમાં FDI મર્યાદા વધારીને ૧૦૦% કરવા માટે તૈયાર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બિલનો ડ્રાફ્ટ તૈયાર છે અને ટૂંક સમયમાં મંજૂરી માટે કેબિનેટ સમક્ષ રજૂ કરવામાં આવશે. કેબિનેટની મંજૂરી પછી, નાણા મંત્રાલય હેઠળના નાણાકીય સેવાઓ વિભાગ સંસદમાં બિલ રજૂ કરવાની પ્રક્રિયા શરૂ કરશે. આ પહેલા, સંસદનું બજેટ સત્ર આ વર્ષે ૩૧ જાન્યુઆરીએ શરૂ થયું હતું. લોકસભા અને રાજ્યસભા બંને ૪ એપ્રિલે અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યા હતા, જેનાથી ૨૦૨૫નું પ્રથમ સંસદ સત્ર સમાપ્ત થયું હતું.

કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી સંસદીય બાબતોની કેબિનેટ સમિતિની બેઠકમાં સંસદ સત્રની તારીખો નક્કી કરવામાં આવી હતી. આ સત્રમાં, ઘણા મહત્વપૂર્ણ કાયદાકીય કાર્યોની સાથે, વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો પર પણ ચર્ચા થવાની સંભાવના છે.

આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે વિપક્ષી પક્ષો સતત માંગ કરી રહ્યા છે કે સરકાર ઓપરેશન સિંદૂર પર ખાસ સત્ર બોલાવે અને વિગતવાર માહિતી આપે. ઓપરેશન સિંદૂર ભારત દ્વારા ચલાવવામાં આવતી એક મોટી આતંકવાદ વિરોધી ઝુંબેશ હતી, જેના પર જનતા અને વિપક્ષ બંને સંસદમાં ચર્ચાની માંગ કરી રહ્યા છે.

ઓપરેશન સિંદૂર પછી આ સત્ર પહેલું સંસદીય સત્ર છે, તેથી ગૃહમાં રાષ્ટ્રીય સુરક્ષા, સરહદ સુરક્ષા અને આતંકવાદને લગતા ઘણા સંવેદનશીલ મુદ્દાઓ ઉઠાવી શકાય છે. આ સત્રમાં સરકાર અને વિપક્ષ વચ્ચે ગરમાગરમ ચર્ચા થવાની અપેક્ષા છે.

### નવો સબ વેરિઅન્ટ NB.1.8.1 વધુ ઝડપથી ફેલાઈ રહ્યો છે

# કોવિડ-૧૯ નવા સબ વેરિઅન્ટની ફેલાવા અંગેની ઝડપ બે ગણી

**દિલ્હીમાં ૪૮૩ કેસ અને ૪ મોત નોંધાયા છે : ડો. સુભાષ ગિરીએ કોવિડ પ્રોટોકોલ અપનાવવાની સલાહ આપી**

નવી દિલ્હી, તા.૪

કોવિડ-૧૯નો નવો સબ વેરિઅન્ટ NB.1.8.1 પહેલી અને બીજી લહેર કરતાં વધુ ઝડપથી ફેલાઈ રહ્યો છે અને એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. આ વેરિઅન્ટની ફેલાવાની ગતિ વધુ છે અને અત્યાર સુધીમાં દિલ્હીમાં કુલ ચાર મોત થયા છે.

૪૮૩ કેસ નોંધાયા છે અને સમગ્ર દેશમાં ૪૦૨૬ કેસ છે, જેમાંથી ૨૭૦૦ લોકો સાજા થઈ ગયા છે. પરંતુ આ ઝડપથી ફેલાતા વાઈરસથી બચવા માટે શું કરવું જોઈએ, કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ અને આ વાઈરસ કેટલો ઘાતક છે, તે જાણવા માટે અમે લેડી હાર્ડિંગ મેડિકલ કોલેજના વરિષ્ઠ ડૉક્ટર ડૉ. સુભાષ ગિરી સાથે વાત કરી. તેમણે જણાવ્યું કે, કોવિડ-૧૯ હવે નવા રૂપમાં આવે છે અને પોતાનું રૂપ બદલે છે. નવો વાઈરસ ઓમિક્રોનનું સબ વેરિઅન્ટ છે.

ડૉ. સુભાષ ગિરીએ જણાવ્યું કે આ નવા સબ વેરિઅન્ટનો ટ્રાન્સફર ફેક્ટર ખૂબ જ ઝડપી છે, એટલે કે આ વેરિઅન્ટ બીજી વ્યક્તિઓને ઝડપથી સંક્રમિત કરી શકે છે. આ વેરિઅન્ટ એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. સારા સમાચાર એ છે કે, કોવિડ-૧૯ની બીજી લહેર દરમિયાન જેમને મોત અને ઓક્સિજનની અછતનો સામનો કરવો પડ્યો હતો, તેવા ગંભીર લક્ષણો આ વખતે જોવા મળતા નથી. તેમ છતાં, સાવચેત રહેવું ખૂબ જ જરૂરી છે, કારણ કે આ વેરિઅન્ટ ફેફસાં અથવા શ્વાસની નળી પર અસર કરી શકે છે, જેના કારણે શરદી, ખાંસી, તાવ અને શ્વાસ લેવામાં મુશ્કેલી જેવી સમસ્યાઓ થઈ શકે છે. તેથી સાવચેત રહેવું અત્યંત જરૂરી છે.

ડૉ. સુભાષ ગિરીએ જણાવ્યું કે જેમની ઈમ્યુનિટી સિસ્ટમ નબળી છે અથવા જે લાંબા સમયથી બીમારીથી પીડાઈ રહ્યા છે, તેવા લોકો માટે કોવિડ-૧૯નો સબ વેરિઅન્ટ ઝડપથી ઘાતક સાબિત થઈ શકે છે. આ પ્રકારના વ્યક્તિઓ માટે આ વાઈરસ વધુ જોખમી છે અને મોતની સંભાવના પણ વધી શકે છે. તેથી એ લોકોને વધુ સાવચેત રહેવું જરૂરી છે. ડૉ. સુભાષ ગિરીએ જણાવ્યું કે ફરીથી કોવિડ-૧૯ના તમામ પ્રોટોકોલ અપનાવવા જોઈએ. આ જ રસ્તો છે જેના દ્વારા આપણે આ ઝડપથી ફેલાતા વાઈરસથી બચી શકીએ છીએ અને અન્ય લોકોને સંક્રમિત થવાથી રોકી શકીએ છીએ. તેમણે ઉમેર્યું કે સોશિયલ ડિસ્ટન્સ જાળવવું ખૂબ જ જરૂરી છે. ભીડભાડવાળા વિસ્તારોમાં ન જાવ, ચહેરા પર માસ્ક પહેરો અને માસ્ક વિના બહાર ન નીકળો. જો તમને શરદી, ખાંસી અથવા તાવ થાય તો પોતાને આઈસોલેટ કરો જેથી બીજાઓને આ બીમારી ન ફેલાય. તેમજ હાથોની સફાઈ રાખો અને એકબીજાને હાથ કે ગળે મળવાથી બચો.

### રોકાણકારોને ૨૦૦૦૦૦ કરોડનો નફો

# શેરબજારમાં ત્રણ દિવસ પછી રોનક જોવા મળી

**સેન્સેક્સ ૨૬૦ પોઈન્ટના વધારા સાથે ૮૦,૯૯૮.૨૫ પર બંધ**

મુંબઈ, તા.૪

ટ્રેડિંગ સપ્તાહના ત્રીજા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં બંધ થયું. બીએસઈ પર સેન્સેક્સ ૨૬૦ પોઈન્ટના વધારા સાથે ૮૦,૯૯૮.૨૫ પર બંધ થયો. જ્યારે એનએસઈ પર નિફ્ટી ૦.૩૨ ટકાના વધારા સાથે ૨૪,૬૨૦.૨૦ પર બંધ થયો. સત્ર દરમિયાન ઈટરનલ, જિયો ફાઈનેંશિયલ સર્વિસેજ, ભારતીય એયરટેલ, ટાટા મોટર્સ અને ટેક મહિન્દ્રાના શેરમાં ૩ ટકા સુધીનો વધારો નોંધાયો.

આજના ટ્રેડિંગ દરમિયાન ઈટરનલ, જિયો ફાઈનેંશિયલ, ભારતી એયરટેલ, રિલાયંસ ઈંડસ્ટ્રીઝના શેર નિફ્ટીમાં ટોપ ગેઈનર્સની યાદીમાં સામેલ થયા. જ્યારે ટ્રેન્ટ, બજાજ ફિનસર્વ, શ્રીરામ ફાઈનાન્સ, ટીસીએસ, એક્સિસ બેંકના શેર ટોપ લોઝર્સની યાદીમાં સામેલ થયા.

ક્ષેત્રીય મોરચે બીએસઈ રિયલ્ટી ઈંડેક્સ લગભગ એક ટકા ઘટ્યો, જ્યારે ટેલિકોમ, મેટલ, મીડિયા, IT, તેલ અને ગેસ ઈંડેક્સ ૦.૫-૧ ટકા વધ્યા. શુક્રવારે મજબૂત વૈશ્વિક સંકેતો અને ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા સંભવિત નીતિ હળવાશ અંગે રોકાણકારોના આશાવાદને કારણે ત્રણ દિવસના ઘટાડા પછી બુધવારે બેન્ચમાર્ક ઈક્વિટી સૂચકાંકોમાં સુધારો થયો હતો.

ટ્રેડિંગ સપ્તાહના ત્રીજા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં ખુલ્યું.
બીએસઈ પર સેન્સેક્સ ૪૦ પોઈન્ટના ઉછાળા સાથે ૮૦,૭૭૭.૬૫ પર ખુલ્યો. જ્યારે એનએસઈ પર નિફ્ટી ૦.૦૭ ટકાના વધારા સાથે ૨૪,૫૬૦.૪૫ પર ખુલ્યો.

### દેશમાં વસ્તી ગણતરી થવાની તારીખો સામે આવી

# ભારતમાં ૧ માર્ચ ૨૦૨૭થી જાતિગત વસ્તી ગણતરી શરૂ થશે

**લદ્દાખ, જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમચાલ પ્રદેશમાં ૧ ઓક્ટોબર ૨૦૨૬થી જાતિગત વસ્તી ગણતરી શરૂ થશે**

નવી દિલ્હી, તા.૪

ભારતમાં ૧ માર્ચ ૨૦૨૭થી જાતિગત વસ્તી ગણતરી શરૂ થશે. આ જાતિગત વસ્તી ગણકરી બે તબક્કામાં કરાવવામાં આવશે. સૂત્રો પ્રમાણે પહાડી રાજ્યો જેમ કે લદ્દાખ, જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમચાલ પ્રદેશમાં ૧ ઓક્ટોબર ૨૦૨૬થી જાતિગત વસ્તી ગણતરી શરૂ થશે. દેશમાં છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧ માં હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ, ૨૦૨૧ માં તેનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, પરંતુ કોરોના સમયગાળાને કારણે તેને મુલતવી રાખવામાં આવી હતી. હવે સરકારે ૧૫ વર્ષ પછી ૨૦૨૬ માં વસ્તી ગણતરી કરાવવાનો નિર્ણય લીધો છે.

૧. સમાજની વસ્તીની ગણતરી, તેમનું વર્ણન કરવું, તેમને સમજવાની સાઠે જ લોકોની કઈ વસ્તુ સુધી પહોંચ છે અને તેઓ કઈ વસ્તુઓથી વંચિત રાખવામાં આવ્યા છે તે જાણવું ફક્ત સામાજિક વૈજ્ઞાનિકો માટે જ નહીં, પરંતુ નીતિ નિર્માતાઓ અને સરકાર માટે પણ મહત્વપૂર્ણ છે.

૨. આ માટે વસ્તી ગણતરી એ એક પ્રકારની પ્રક્રિયા છે. જો કે, વસ્તી ગણતરીના ટીકાકારો માને છે કે સામાજિક માળખાને સંપૂર્ણ રીતે સમજવા માટે જાતિગત વસ્તી ગણતરી નિયમિતપણે હાથ ધરવામાં આવવી જોઈએ.

૩. પ્રથમ જાતિગત ગણતરી સામાજિક-આર્થિક અને જાતિગત વસ્તી ગણતરી (SECC) તરીકે ૧૯૩૧માં હાથ ધરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય દરેક વ્યક્તિને તેનું જાતિનું નામ પૂછવાનો હતો, જેથી સરકાર પુનઃમૂલ્યાંકન કરી શકે કે કયા જાતિ જૂથો આર્થિક રીતે સૌથી ખરાબ હતા અને કયા વધુ સારા હતા.

૪. જાતિગત વસ્તી ગણતરીનો હેતુ ફક્ત અનામતનો મુદ્દો જ નથી, પરંતુ જાતિગત વસ્તી ગણતરી મોટી સંખ્યામાં એવા મુદ્દાઓને આગળ લાવશે જેના પર કોઈપણ લોકશાહી દેશને ધ્યાન આપવાની જરૂર છે, ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા અથવા વંચિત લોકોની સંખ્યા અથવા તેઓ કયા પ્રકારનો વ્યવસાય કરે છે. આનાથી વધુ સારી નીતિઓ અને વ્યૂહરચના બનાવવામાં મદદ મળશે. આ ઉપરાંત સંવેદનશીલ મુદ્દાઓ પર વધુ તર્કસંગત ચર્ચા પણ થશે.

૫. જો કે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ધર્મો અને ભાષાકીય પ્રોફાઈલ માટે વસ્તી ગણતરીનો ડેટા એકત્રિત કરવામાં આવ્યો છે.

### ફી વધારો થતા સમગ્ર રાજ્યમાં ભારે રોષ ફેલાયો

# રાજ્યની ૧૯ મેડિકલ કોલેજમાં ફી વધારો થતાં વિદ્યાર્થીઓ હેરાન

**કરમસદ મેડિકલ કોલેજમાં ૨.૯૩ લાખના વધારા સાથે ફી ૨૨.૩૦ લાખ અને સુરત મેડિકલ કોલેજની ફીમાં ૨ લાખનો વધારો**

અમદાવાદ, તા.૪

ગુજરાત રાજ્યની ૧૯ મેડિકલ કોલેજની ફીમાં FRCએ વધારો કર્યો છે. NHL મેડિકલ કોલેજમાં ૨.૭૫ લાખના વધારા સાથે ફી ૨૫.૬૩ લાખ કરવામાં આવી છે, જ્યારે પારૂલ મેડિકલ કોલેજમાં ૧.૪૦ લાખના વધારા સાથે ફી ૨૦.૯૦ લાખ કરવામાં આવી છે. બીજીબાજુ, કરમસદ મેડિકલ કોલેજમાં ૨.૯૩ લાખના વધારા સાથે ફી ૨૨.૩૦ લાખ અને સુરત મેડિકલ કોલેજની ફીમાં ૨ લાખનો વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, અદાણી મેડિકલ કોલેજની ફીમાં ૨.૨૩ લાખનો વધારો અને સાલ મેડિકલ કોલેજની ફીમાં ૨.૧૧ લાખનો વધારો કરાયો છે. આ ફી વધારાથી રાજ્યમાં હોબાળો મચ્યો છે.

મેડિકલ કોલેજોમાં ફીમાં મોટો વધારો થતાં હાલ વિવાદ ચાલી રહ્યો છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી ફી વધારાની માંગ તાત્કાલિક પરત ખેંચવાની અપીલ કરવામાં આવી છે. IMAના જણાવ્યા અનુસાર, વાર્ષિક ફીમાં તોતિંગ વધારો વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. આ ફી વધારાથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહેશે.

સરકારની મેડિકલ ફી રેગ્યુલેટરી કમિટીએ ૩ જૂન ૨૦૨૫ના રોજ ફીમાં વધારો જાહેર કર્યો હતો. આમાં સરકારી, સેલ્ફ ફાઈનાન્સ અને મેનેજમેન્ટ ક્વોટા તમામે ફીમાં ૧૦થી ૧૨ ટકા સુધીનો વધારો કર્યો છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ૨૦ ટકાના ફી વધારાને લઈને વિદ્યાર્થીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. કોલેજના સ્વનિર્ભર કોર્સની ફીમાં પણ વધારો કરવામાં આવ્યો છે. આ ફી વધારા વચ્ચે ABVPના કાર્યકરો મેદાને ઊતરી આવ્યા હતા. કુલપતિની ઓફિસ બહાર કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. વધુમાં તેમણે ફી વધારાનું સર્ક્યુલર ફાડીને ફઝ પર ફેંક્યું હતું. ફી વધારો પાછો ખેંચવા નકલી નોટો ઉડાડવામાં આવી અને ફી પાછી ખેંચવાની માંગ કરવામાં આવી હતી. આ વિરોધ ઉગ્ર બનતા પોલીસ બંદોબસ્ત ગોઠવવો પડ્યો હતો.

કેમ્પસ ડેવલોપમેન્ટ ફંડમાં પણ વધારો થતા ABVPના કાર્યકરો મેદાનમાં ઊતરી આવ્યા હતા. કાર્યકરોએ કુલપતિની ઓફિસ બહાર સૂત્રોચ્ચાર કર્યા અને ફી વધારાનું સર્ક્યુલર ફાડીને VC પર ફેંક્યું. વિરોધ નોંધાવવા નકલી નોટો ઉડાડવામાં આવી અને ફી પાછી ખેંચવાની માગ ઉઠાવવામાં આવી. વિરોધ ઉગ્ર બનતા પોલીસ બંદોબસ્ત ગોઠવવો પડ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, કોલેજના સ્વનિર્ભર કોર્સ ઉપરાંત વેલફેર ફી, સાધનો, પુસ્તકો, એમેનીટીઝ ફી ઉપરાંત કેમ્પસ ડેવલોપમેન્ટ ફંડમાં પણ વધારો કરાયો છે. ૨૦ ટકાનો વધારો કરાતાં ABVPના કાર્યકરોએ કુલપતિની ઓફિસ બહાર સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો છે. જો ફી વધારો પરત નહીં ખેંચાય તો ઉગ્ર આંદોલન કરવાની કાર્યકરોએ ચીમકી આપી છે. રાજ્યની ૧૯ ખાનગી મેડિકલ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં FRC દ્વારા ૭% થી ૧૨% સુધીનો ફી વધારો કરવામાં આવ્યો છે. આને લઈને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) દ્વારા મુખ્યપ્રધાનને પત્ર લખી ફી વધારો તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરવામાં આવી છે. IMA પ્રમુખે જણાવ્યું હતું કે, આ વધારાથી ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને ભારે આર્થિક બોજ સહેવો પડશે. આ ફી વધારો ગરીબ વિદ્યાર્થીઓના ભવિષ્યને દાવ પર લગાડી શકે છે. આ જોઈને કહી શકાય કે, જો શિક્ષણમાં વેપારીકરણ થશે તો વિદ્યાર્થીઓ અભ્યાસ નહીં કરી શકે.

### ફાઇનલના હીરોએ જમાવ્યો રંગ

# પ્રથમવાર IPL ચેમ્પિયન બન્યા બાદ આખી રાત RCBની ડાન્સ પાર્ટી

**રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ૧૮ વર્ષ બાદ ટાઇટલ જીત્યું**

નવી દિલ્હી, તા.૪

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ૧૮ વર્ષ બાદ IPL 2025નું ટાઈટલ જીત્યું હતું. આરસીબી પહેલીવાર IPL ચેમ્પિયન બની છે, ત્યારબાદ RCB આખી રાત ડાન્સ પાર્ટી કરી હતી. ડાન્સ ફ્લોર પર ફાઈનલના હિરો પ્લેયર ઓફ ધ મેચ કૃણાલ પંડ્યાનો અંદાજ જોઈને બધા દંગ રહી ગયા હતા.

ફાઈનલમાં બેંગલુરુએ પંજાબ કિંગ્સને છ રનથી હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા બેંગલુરુએ નવ વિકેટે ૧૯૦ રન બનાવ્યા હતા. આ વર્ષે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં હાઈ-સ્કોરિંગ મેચોની તુલનામાં બેંગલુરુનો સ્કોર ઓછો માનવામાં આવતો હતો, પરંતુ બેંગલુરુના બોલરોએ પંજાબ માટે ૧૯૧ રનના લક્ષ્યને અશક્ય બનાવ્યું, જેમાં કૃણાલ પંડ્યાનો મોટો હાથ હતો. તેણે બે વિકેટ લીધી હતી જેણે આખી મેચ પલટી નાખી અને બેંગલુરુની મેચમાં વાપસી કરાવી હતી. પંડ્યાએ ૪ ઓવરમાં ૧૭ રન આપીને બે વિકેટ લીધી હતી. તેણે પ્રભસિમરન સિંહ અને જોશ ઈંગ્લિસની વિકેટ લીધી. આ ઉપરાંત, તેણે નેહલ વઢેરાનો અદભૂત કેચ કર્યો હતો. પ્રભસિમરન અને જોશ ઈંગ્લિસના આઉટ થતાની સાથે બેંગલુરુએ મેચમાં વાપસી કરી હતી અને ટીમે તેનું પહેલું ટાઈટલ જીત્યું હતું. ઐતિહાસિક વિજય પછી જ્યારે ટીમ ટ્રોફી સાથે હોટલ પહોંચી ત્યારે ચેમ્પિયનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. કૃણાલ પંડ્યા અને કેપ્ટન રજત પાટીદારે હોટલના પ્રવેશદ્વાર પર ખૂબ ડાન્સ કર્યો, પરંતુ ઉજવણી અહીં અટકી નહીં. મેદાનમાં તબાહી મચાવ્યા પછી બેંગલુરુના ખેલાડીઓએ હોટલની અંદર ડાન્સ ફ્લોર ખૂબ ડાન્સ કર્યો હતો. કૃણાલે તેની પત્ની પંખુરી સાથે ખૂબ ડાન્સ કર્યો હતો. તેમનો ડાન્સ જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ કૃણાલના ડાન્સનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે, જે ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

આ સાથે આરસીબીની IPL ચેમ્પિયન બનવાની ૧૭ વર્ષ લાંબી રાહનો પણ અંત આવ્યો હતો. આ જીત પછી આરસીબીને દુનિયાભરમાંથી વિજય માટે અભિનંદન મળી રહ્યા છે. આમાં મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યા પણ સામેલ છે. ઈઝ્રુ ચેમ્પિયન બન્યા પછી હાર્દિક પંડ્યાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક સ્ટોરી શેર કરી, જેમાં તે ખૂબ જ ઈમોશનલ જોવા મળી રહ્યો છે.

### મેન્યુફેક્ચરરે રિટેલ કિંમત નક્કી કરવી પડશે

# સરકારે નક્કી કર્યા ડાયાબિટીઝ, તાવ સહિત ૪૧ દવાના ભાવ

**દરેક દુકાનદાર અને ડીલરને દુકાનમાં જગ્યાએ ઉત્પાદક દ્વારા આપવામાં આવેલી કિંમત યાદી ચોંટાડવાનો આદેશ**

નવી દિલ્હી, તા.૪

સરકારે ૪૧ દવાઓની મહત્તમ છૂટક કિંમત નક્કી કરી છે. આ દવાઓનો ઉપયોગ ડાયાબિટીસ, હૃદય, તાવ, દુઃખાવો, તણાવ અને જીવનશૈલી સંબંધિત અન્ય રોગોની સારવારમાં થાય છે. મંગળવારે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) દ્વારા જાહેર કરાયેલા એક નોટિફિકેશનમાં આ અંગે માહિતી આપવામાં આવી હતી. આમાં ૪૧ દવાઓની મહત્તમ છૂટક કિંમત નક્કી કરવામાં આવી છે. આ કિંમત ઉપરાંત ફાર્માસ્યુટિકલ કંપનીઓને નિશ્ચિત કિંમત પર વધારાનો GST ઉમેરવાની મંજૂરી આપવામાં આવશે. નોટિફિકેશનમાં, આને 'નવી દવાઓ' કહેવામાં આવી છે. આ મુજબ, ઉત્પાદકે છૂટક કિંમતો નક્કી કરવી પડશે. દવા ઉત્પાદક કંપની છૂટક કિંમત પર GST ની રકમ ત્યારે જ ઉમેરી શકે છે જ્યારે તે સરકારને ચૂકવવામાં આવી હોય અથવા બાકી હોય. નોટિફિકેશન અનુસાર દરેક દુકાનદાર અને ડીલરને ઉત્પાદક દ્વારા આપવામાં આવેલી કિંમત યાદી તેમની દુકાનમાં એવી જગ્યાએ ચોંટાડવાનો આદેશ આપવામાં આવ્યો છે, જ્યાં કોઈપણ તેને સરળતાથી વાંચી અને જોઈ શકે. ગ્રાહકો દવાની કિંમત સરળતાથી જાણી શકે તે માટે આ જરૂરી છે.

નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું હતું કે છૂટક કિંમત ફક્ત તે ઉત્પાદકોને જ લાગુ પડશે જેમણે સરકાર દ્વારા બનાવેલા તમામ નિયમો અને શરતોનું પાલન કર્યું છે. જો દવાના છૂટક ભાવ સંબંધિત સૂચનાઓનું ઉત્પાદક દ્વારા પાલન કરવામાં ન આવે, તો નિયમો અનુસાર, એકત્રિત કરેલી વધારાની રકમ વ્યાજ સાથે જમા કરવી પડશે.

કઈ દવાઓના દર નક્કી કરવામાં આવ્યા હતા

> Alginate RaftForming Oral Suspension
> Atorvastatin & Ezetimibe Tablets
> Atorvastatin & Ezetimibe Tabl'ˢ
> Ceftriaxone, Sulbactam & Disodium Edetete Powder for solution for Infusion
> Cefuroxime & POassium Clavulanate Tablets
> Cholecalciferol Oral Drops
> Clindamycin & NicOinamide gel
> Iron, Folic Acid & Cyanocobalamin Syrup
> Melatonin & Zolpidem Tartrate Tablets
> Polmacoxib & Paracetamol Tablets
> Empagliflozin & Metformin Hydrochloride (ER) Tabl'ˢ
> Empagliflozin & Meformin Hydrochloride Tables
> Sitagliptin, Glimepiride & Meformin Hydrochloride Tables
> Phenylephrine Hydrochloride & Chlorpheniramine Maleate Syrup

# અમરેલી ખાતે તપેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા પૂજામાં મહામંડલેશ્વર નિર્મળાબા ઉપસ્થિત રહ્યા









આજરોજસારહીયુથ કલબ ઓફ અમરેલી સંચાલિત નિરાધારનો આધારએવાતપોવનઆશ્રમખાતેમંદિર નિર્માણહેતુતપેશ્વરમહાદેવનીપ્રતિષ્ઠાના પુજાયજ્ઞ કાર્યક્રમમાંપાળીયાદનીસુપ્રસિધ્ધ જગવિખ્યાતદેહાણપરંપરાનીપરમપુજય વિસામણબાપુની જગ્યા વિહળધામના મહંત અનંત વિભુષિત ૧૦૦૦૮ મહામંડલેશ્વર નિર્મળના ઉનડબાપુ ઉપસ્થિત રહેલ તેમજ એમના હસ્તે પુજા વિધિ કરાયેલ અને પુજય બા તપોવન આશ્રમ ખાતે તમામ તપસ્વીઓને રહેવા અને ભોજનની વ્યવસ્થા તેમજ ત્યાંનુ સારવાર કેન્દ્ર અને લાઈબ્રેરી સમગ્ર આશ્રમનીશુભેચ્છામુલાકાતઅનેપગલાં કરેલ હતા. આશ્રમના તપસ્વીઓ માટે ઊભીકરેલવ્યવસ્થાજોઈખુબરાજીયાસાથે સંસ્થાનામુખ્યયજમાનમુકેશભાઈ સંઘાણી સહિત ટ્રસ્ટીઓ સુરેશભાઈ શેખવા અને સ્ટાફને ખુબ શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવેલ હતા. આ તકે રાજકોટના સાંસદ પરષોતભાઈ રૂપાલા, અમર ડેરીના ચેરમેનઅશ્વિનભાઈ સાવલીયા પણ ઉપસ્થિતરહેલહતા.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની

જયારે સાવરકુંડલા તાલુકામાંથી સરપંચ પદ માટે ૨ ઉમેદવારી પત્ર રજુ થયેલ હતું. જયારે સભ્ય પદ માટે પણ ૨ ઉમેદવારી પત્ર રજુ થયેલ હતા.

લીલીયા તાલુકામાંથી સરપંચ પદ માટે ૨ ઉમેદવારી પત્ર રજુ થયેલ હતું. જયારે સભ્ય પદ માટે પણ ૪ ઉમેદવારી પત્ર રજુ થયેલ હતા.

ધારી તાલુકામાંથી સરપંચ પદ માટે ૩ ઉમેદવારી પત્ર રજુ થયેલ હતું. જયારે સભ્ય પદ માટે પણ ૧૬ ઉમેદવારી પત્ર રજુ થયેલ હતા.

અમરેલી તથા બાબરા તાલુકામાંથી સરપંચ પદ માટે એક પણ ઉમેદવારી પત્ર રજુ થયેલ ના હતું. જયારે સભ્ય પદ માટે પણ ૨ ઉમેદવારી પત્ર રજુ થયેલ હતા. આમ અમરેલી જિલ્લામાં ઉમેદવારી પત્ર ભરવાના ત્રીજે દિવસે સરપંચ પદ માટે ૮ ઉમેદવારી પત્ર તથા સભ્ય પદ માટે ૨૫ ઉમેદવારી પત્ર રજુ થયેલ હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તા. ૯ હોય ગ્રામ્ય વિસ્તારના રાજકારણમાં ભારે ચહલ પહલ જોવા મળી રહી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૭૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૪૯ | ૧૪૩૦ |
| ૩ | મગફળી | ૧૦૦૫ | ૧૦૬૫ |
| ૪ | જીરૂ | ૨૭૬૦ | ૩૮૫૦ |
| ૫ | ઘઉં | ૪૮૦ | ૪૯૦ |
| ૬ | તલ સફેદ | ૧૫૩૦ | ૧૯૯૦ |
| ૭ | તલ કાળા | ૨૬૨૦ | ૩૦૯૦ |
| ૮ | ચણા | ૧૦૫૪ | ૧૦૭૬ |
| ૯ | મગ | ૧૨૪૫ | ૧૭૨૫ |
| ૧૦ | બાજરો | ૩૫૫ | ૪૩૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૫૫ | ૧૦૩૫ |
| ૨ | શિંગ મોટી | ૯૦૬ | ૧૦૭૬ |
| ૩ | શિંગદાણા | ૧૪૦૨ | ૧૪૩૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૩૧ |
| ૫ | તલ સફેદ | ૧૦૪૦ | ૨૦૯૫ |
| ૬ | તલ કાળા | ૧૮૦૦ | ૩૨૭૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૪૯૫ | ૨૦૮૦ |
| ૮ | બાજરો | ૩૧૧ | ૪૬૭ |
| ૯ | જુવાર | ૨૫૦ | ૬૯૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૬૬ | ૫૨૭ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૪૦ | ૫૩૦ |
| ૧૨ | મકાઈ | ૪૫૫ | ૪૫૫ |
| ૧૩ | મગ | ૮૦૦ | ૧૬૧૫ |
| ૧૪ | અડદ | ૫૦૦ | ૧૪૭૧ |
| ૧૫ | ચણા | ૬૦૦ | ૧૦૮૨ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૭૦ | ૧૧૫૨ |
| ૧૭ | ચણા સફેદ | ૧૦૫૦ | ૧૦૬૬ |
| ૧૮ | છોલે ચણા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૧૯ | ચોળી | ૮૦૦ | ૧૧૨૦ |
| ૨૦ | તુવેર | ૭૭૦ | ૧૨૪૦ |
| ૨૧ | કપાસ | ૮૧૦ | ૧૫૮૨ |
| ૨૨ | એરંડા | ૧૦૦૦ | ૧૨૧૧ |
| ૨૩ | જીરૂ | ૨૭૦૦ | ૩૭૫૫ |
| ૨૪ | રાય | ૧૦૫૫ | ૧૧૬૦ |
| ૨૫ | ધાણા | ૧૨૨૫ | ૧૩૩૦ |
| ૨૬ | ધાણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨૭ | મેથી | ૮૦૦ | ૯૫૨ |

## અમરેલીનાં તપોવન આશ્રમમાં ગાયત્રી યજ્ઞમાં પાલિકાનાં ઉપપ્રમુખ યજમાન બન્યા




અમરેલી, તા. ૪

અમરેલી નગર પાલિકા ઉપપ્રમુખ મતિ બીનાબેન વિશાલભાઈ કાલેણા સહ પરિવારને સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ ખાતે તા. ૧/૬/૨૫નાં રોજ ગાયત્રી યજ્ઞમાં બેસવાનો લાભ મળેલ અને યજ્ઞ વિધી કરેલ સારહિ તપોવન આશ્રમમાં રહેતા તપસ્વીઓએ પણ યજ્ઞમાં આહુતિ આપી ગાયત્રી પરિવારમાંથી ગાયત્રી યજ્ઞ કરાવવા માટે શ્રીમતી ગીતાબેન બાવીશી પધારેલ.

આ ગાયત્રી યજ્ઞમાં સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૧૦ | ૧૦૬૦ |
| ૩ | શીંગ ગીરનાર | ૯૫૦ | ૧૧૫૦ |
| ૪ | શીંગ દાણા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૫૦ | ૨૦૫૦ |
| ૬ | તલ કાળા | ૨૨૫૦ | ૩૦૩૦ |
| ૭ | જીરૂ | ૩૪૦૦ | ૩૯૦૦ |
| ૮ | કપાસ | ૧૩૦૦ | ૧૫૧૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૬૦ |
| ૧૧ | બાજરો | ૪૮૦ | ૫૬૦ |
| ૧૨ | જુવાર | ૬૦૦ | ૭૯૦ |
| ૧૩ | મકાઈ | ૪૦૦ | ૫૦૧ |
| ૧૪ | મગ | ૧૧૦૦ | ૧૬૦૧ |
| ૧૫ | ચણા | ૧૦૫૦ | ૧૦૯૭ |
| ૧૬ | દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૧૭ | તુવેર | ૧૦૫૦ | ૧૩૨૦ |
| ૧૮ | એરંડી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૯ | મેથી | ૭૫૦ | ૮૬૦ |
| ૨૦ | ધાણા | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૨૧ | સોયાબીન | ૭૫૦ | ૮૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૯૮૯ |
| ૨ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૯૩૬ |
| ૩ | તલ કાળા | ૧૩૦૩ | ૨૬૯૦ |
| ૪ | તલ પીળા | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ૫ | કપાસ | ૧૨૬૦ | ૧૫૨૫ |
| ૬ | બાજરો | ૩૩૦ | ૫૮૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૭૦ |
| ૮ | જુવાર | ૨૫૨ | ૮૭૦ |
| ૯ | મકાઈ | ૫૦૦ | ૬૦૧ |
| ૧૦ | મગ | ૮૭૫ | ૧૩૪૧ |
| ૧૧ | અડદ | ૮૦૦ | ૧૪૨૫ |
| ૧૨ | તુવેર | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ૧૩ | ચણા | ૬૦૦ | ૧૦૭૦ |
| ૧૪ | સોયાબીન | ૬૦૦ | ૭૫૧ |
| ૧૫ | રાય | ૧૧૭૫ | ૧૧૭૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૨૫ | ૧૪૦૧ |
| ૨ | મગફળી | ૯૭૨ | ૯૭૨ |
| ૩ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૦૫ |
| ૪ | ચણા | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૫ | તુવેર | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૬ | ધાણા | ૯૫૦ | ૧૧૮૫ |
| ૭ | એરંડા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૮ | મગ | ૧૨૪૦ | ૧૪૦૫ |
| ૯ | તલ | ૧૩૪૧ | ૧૮૦૫ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૧૮૫ | ૧૨૪૦ |
| ૧૧ | બાજરો | ૩૫૧ | ૪૨૧ |
| ૧૨ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | સોયાબીન | ૭૦૦ | ૭૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૨૨ | ૫૦૧ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૦૦ |
| ૩ | ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ૫ | અડદ | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ૬ | શીંગફાડા | ૯૦૫ | ૧૪૦૦ |
| ૭ | મગફળી | ૮૦૦ | ૮૯૦ |
| ૮ | તલ સફેદ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ૯ | સોયાબીન | ૬૩૫ | ૭૭૨ |
| ૧૦ | તલ કાળા | ૧૫૦૦ | ૧૫૦૫ |
| ૧૧ | મગ | ૧૪૦૫ | ૧૪૦૫ |
| ૧૨ | અડદ | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ૧૩ | જુવાર | ૩૫૫ | ૬૮૦ |
| ૧૪ | ચણા સફેદ | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૫ | મેથી | ૮૦૦ | ૮૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨ વર્ષમાં

ગાંધીના મતે પૃથ્વીનું સંરક્ષણ દરેક માનવીએ જાતેજ કરવું પડશે. આવનારી પેઢીઓને સુંદર પૃથ્વીની ભેટ આપવી એ સૌનું સહિયારૂં ઉત્તરદાયિત્વ છે. દર વર્ષે યુનાઈટેડ નેશન્સદ્વારા તા. ૫ જૂનના રોજ વિ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવે છે. આ પ્રથા વર્ષ ૧૯૭૩માં શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૧૯૭૨ના સ્ટોકહોમ સંમેલનમાં પર્યાવરણના સંરક્ષણનો વિચાર વહેતો થયો અને ત્યારબાદ દર વર્ષે આ દિનની ઉજવણી એક વિશિષ્ટ થીમ સાથે કરવામાં આવી રહી છે, જેનો હેતુ લોકોને પર્યાવરણ પ્રતિ જાગૃત્ત બનાવવાનો અને પૃથ્વીને તમામ પ્રકારના પ્રદૂષણોથી મુકત કરવાનો છે.

વર્ષ–૨૦૨૫માં પર્યાવરણ દિવસની થીમ "Ending Plastic Pollution Globally" અને #Beat Palstic Pollution છે. ભારત સહિત વિના તમામ દેશો આજે પ્લાસ્ટિકને ભવિષ્યના એક ખતરા સ્વરૂપે જોવે છે અને સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ વિરૂદ્ધ જનજાગૃત્તિ કાર્યક્રમ શરૂ છે.

પ્લાસ્ટિક ઉપયોગના કારણે જમીન પર જ નહિ દરિયામાં પણ પ્રદૂષણ વધી રહ્યું છે. દરિયાઈ જીવસૃષ્ટિ પર પણ ખતરો તોળાઈ રહ્યો છે. પ્લાસ્ટિક પ્રદૂષણ વિરૂદ્ધની લડાઈમાં વિના તમામ દેશોએ તેના ઉપયોગ પર કાયમી પ્રતિબંધ મૂકી પર્યાવરણ સંરક્ષણમાં યોગદાન આપવું અનિવાર્ય છે.

ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૯–૨૦માં સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપયોગ વિરૂદ્ધની લડાઈ માટે વારાણસી આસપાસના ૭૦૦ જેટલા ગામના સરપંચોને સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિબંધ માટે પત્રો લખીને જળવાયુ પરિવર્તન સામેની આ લડાઈને તેજ ગતિ આપી છે.

સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિબંધ માટે ભારતભરમાં સતત પ્રવૃત્તિઓ શરૂ છે, આ ઝુંબેશ અન્વયે નાગરિકોને જાગૃત્ત કરવામાં આવી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં વૃક્ષોનું રિસ્ટોરેશન અભિયાન શરૂ છે. જિલ્લામાં ગીર જંગલ વિસ્તારનો પૂર્વ ભાગ છે. ગુજરાત ફોરેસ્ટ સ્ટેટિસ્ટિક વર્ષ ૨૦૨૩–૨૪ના આંકડા મુજબ જિલ્લાનો વન વિસ્તાર અંદાજે ૩૩૯.૮૯ ચો.કિ.મી. થયો છે. સામાજિક વનીકરણ વિભાગ દ્વારા અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વ્યાપક પ્રમાણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૩–૨૪માં ૩,૩૨,૭૭૭ અને વર્ષ ૨૦૨૪–૨૫માં ૪,૨૧,૫૮૮ સહિત ૭,૫૪,૩૬૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. જિલ્લાનું ગ્રીનકવર સતત વધી શકે તે નેમ છે.

જિલ્લામાં ચાલુ વર્ષે ગ્રામ્ય અને શહેરી ક્ષેત્રના ૧૨ હેક્ટર વિસ્તારમાં વનકવચનું નિર્માણ કરવામાં આવશે જેમાં ૧,૧૨,૦૦૦ રોપાઓનું વાવેતર કરવાનું લક્ષ્યાંક છે.

વિમાં ગ્લોબલ વોર્મિંગ (વૈકિ જળવાયુ પરિવર્તન) વધી રહ્યું છે ત્યારે ભારત પર્યાવરણ સંરક્ષણને લઈ પોતાની જવાબદારી પ્રતિબદ્ધત્તા સાથે નિભાવી રહ્યું છે. જળ વાયુ પરિવર્તનને લઈને વિચાર વિમર્શ માટે સંયુકત રાષ્ટ્ર ફ્રેમવર્ક કન્વેન્શન (UNFCC) અંતર્ગત COP–૨૯ (કોન્ફરન્સ ઓન પાર્ટીઝ) ની વિવિધ બેઠક વર્ષ–૨૦૨૪માં અઝરબૈઝાનની રાજધાની બાકુ ખાતે યોજાઈ હતી. જેમાં જળવાયુ પરિવર્તન વિરૂદ્ધની લડાઈ માટે સ્વદેશી લોકો અને સ્થાનિક સમુદાય પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, જળવાયુ પરિવર્તન વિરૂદ્ધની લડાઈ માટે નાણાની જરૂરિયાત માટેના ભવિષ્યના લક્ષ્યાંક, કાર્બન બજાર સમજૂતી, મિથેન ઉત્સર્જન ઘટાડવા માટેની ઘોષણા, ખેડૂતો માટેની બાકુ હાર્મોનિયા પહેલ સહિત મુદ્દે સહમત થઈ હતી.

COP–૨૯ (બેઠક અને સંમેલન) માં ભારતે પેરિસ સમજૂતીના અનુચ્છેદ–૦૯ને ધ્યાને રાખી એ વાત પર ભાર આપતા પોતાનો પક્ષ રજૂ કર્યો કે, વિકસિત રાષ્ટ્રોએ જળવાયુ પરિવર્તન વિરૂદ્ધની લડાઈમાં નાણાકીય જરૂરિયાતના એકત્રીકરણ માટે અગ્રણી ભૂમિકા નિભાવવી જોઈએ.

ભારતે કલીન–ગ્રીન ઉર્જાને પ્રોત્સાહન, ઉજાલા અને ઉજજવલા યોજના, કુસુમ યોજના થકી પર્યાવરણ સંરક્ષણમાં પોતાનું યોગદાન આપ્યું છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સૌર સંગઠન સ્થાપીને સૌર ઉર્જાનો ઉપયોગ અને વપરાશને વધારવા માટે અગ્રણી ભૂમિકા નિભાવી છે. મન્ગ્રોવ સંરક્ષણને લઈને પણ ભારતે સતત પ્રતિબદ્ધતા દાખવીને જળવાયુ વિરૂદ્ધની લડાઈમાં પોતાનું ઉમદા યોગદાન આપ્યું છે.

આપણે સૌ સાથે મળી આપણી નૈતિક જવાબદારી નિભાવીએ અને આપણા સૌની સહિયારી પૃથ્વી, પર્યાવરણનું રક્ષણ કરીએ. સિંગલ યુઝ સહિતના પ્લાસ્ટિકનો ઉપયોગ સદંતર બંધ કરીએ, વૃક્ષારોપણ કરીને પર્યાવરણના રક્ષક અને પ્રકૃતિના વાહક બનીએ.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૧ | ૧૪૭૮ |
| ૨ | મગફળી | ૧૦૧૬ | ૧૦૧૬ |
| ૩ | ચણા | ૧૦૨૦ | ૧૦૩૮ |
| ૪ | તલ સફેદ | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૫ | ઘઉં | ૫૭૨ | ૫૭૨ |
| ૬ | એરંડા | ૧૧૫૧ | ૧૧૫૧ |

## એસ.ટી. વિભાગનાં અધિકારીઓ નવા રૂટ શરૂ કરવાને બદલે જુના રૂટ કરે છે બંધ

# જાફરાબાદ પંથકમાં ઉદ્યોગોનો ધમધમાટ છતાં એસ.ટી. બસો ધડાધડ બંધ

**નબળી અને નિવેદનબાજી કરતી નેતાગીરીનાં લીધે સમગ્ર પંથકનાં મુસાફરો બસ સેવાથી વંચિત**

**એક તરફ જુદા-જુદા શહેરોમાં આધુનિક બસપોર્ટ બને અને બીજી તરફ મહત્વનાં રૂટ બંધ**

**સત્તાપક્ષનાં આગેવાનો દિવસ-રાત વિકાસ કર્યાનો દાવાઓ કરે પણ એસ.ટી. સુવિધા વિકાસમાં આવતી નથી**

**વિપક્ષ વિહિન સમગ્ર વિસ્તાર બની ગયો હોવાથી ગરીબ મુસાફરોની હાલત દયનીય બની**



જાફરાબાદ, તા. ૪

જાફરાબાદ ખાતે એસ.ટી. તંત્ર દ્વારા ઘોર અન્યાય કરવામાં આવી રહ્યો છે. કોરોના સમયથી બંધ કરેલા રૂટો આજદિન સુધી ચાલુ કરવામાં આવ્યા નથી. આ અંગે અનેક રજૂઆતો કરવા છતાં એસ.ટી. તંત્રના બહેરા કાને આ વાત સંભળાતી નથી તથા અનેક બહાના બતાવી અને કાગળ ઉપર ગોળ ગોળ જવાબો આપી રહ્યા છે અને ડ્રાઈવરોની અને કન્ડકટરની ભરતી થઈ ગયેલી હોવા છતાં પણ એસ.ટી. તંત્ર કરી રહી છે ઠાગાઠૈયા. અત્રે નોંધવું જરૂરી છે કે જાફરાબાદ તાલુકાના ૪૨ ગામો આવેલા છે. જાફરાબાદ મત્સ્યોદ્યોગનું મોટું કેન્દ્ર હોય અહીં મસમોટી કંપનીઓ જેવી કે નર્મદા સિમેન્ટ કંપની તથા અલ્ટ્રા ટેક સિમેન્ટ કંપની, પીપાવાવ પોર્ટ, તથા સ્વાઈન કંપની તથા સિન્ટેકસ કંપની આ વિસ્તારમાં ધમધમતી રહી છે. અહીં દુર દુરથી કામદારો પોતાની રોજીરોટી રળવા માટે આવતા હોય છે. તેઓને પોતાના વતન જવા માટે ખાનગી વાહનોનો સહારો લેવો પડી રહ્યો છે અને એસ.ટી. તંત્ર આવક ગુમાવી રહી છે. કોરોના પહેલા જે જાફરાબાદના રૂટ ઉપર રેગ્યુલર ચાલતી હતી અને મુસાફર જનતાને સારી એવી સુવિધાઓ મળી રહી હતી પરંતુ તે સમયથી આ તમામ સુવિધાઓ ઝુંટવી લેવામાં આવી છે. જે રૂટ કોરોના સમયથી બંધ છે તેવી બસો જેવી કે (વહેલી સવારે ઉપડતી બસો) (૧) લીંબડી-જાફરાબાદ વાયા મહુવા, જાફરાબાદ (૨) જંબુસર-જાફરાબાદ વાયા મહુવા, ભાવનગર (૩) જાફરાબાદ-ભાવનગર લોકલ બસ (૪) જાફરાબાદ-સાવરકુંડલા (૫) ભાવનગર-ઓખા એક્સપ્રેસ (૬) ગાંધીનગર-જાફરાબાદ).

(૧) જાફરાબાદ-અમરેલી સમય ૧૧ વાગે ચાલતી બસ બંધ છે. (૨) જાફરાબાદ-મહુવા સવારના સમયે ૧૦ વાગ્યે ચાલતી બસ બંધ છે. (૩) જાફરાબાદ-અમદાવાદ સવારે ૧૦ વાગ્યે ચાલતી બસ બંધ છે. (૪) જાફરાબાદ-રાજકોટ સવારે ૧૧ વાગ્યે ચાલતી બસ બંધ છે. (૫) જાફરાબાદ-કોડીનાર સવારે ચાલતી બસ બંધ છે.

(૧) જાફરાબાદ-પાલીતાણા સવારે ૯ વાગ્યે બસ ચાલુ કરવી (૨) જાફરાબાદ-જામનગર વહેલી સવારે ૪ વાગ્યે ચાલુ કરવી વાયા અમરેલી (૩) જાફરાબાદ-ભુજ સાંજે ૮ વાગ્યે ચાલુ કરવી (૪) જાફરાબાદ-સુરત બપોરના ૨ વાગ્યે ચાલુ કરવી (૫) જાફરાબાદ-મુંબઈ જે ચાલુ બસ હતી તે બંધ હોય તે બસ ફરી ચાલુ કરવી (૬) જાફરાબાદ-રાજુલા, રાજુલા- જાફરાબાદ શટલ બસ ચાલુ કરવી (૭) ઉના-જાફરાબાદ દર કલાકે શટલ બસ ચાલુ કરવી (૮) જાફરાબાદ-મોરબી વાયા રાજકોટ, વાંકાનેર ચાલું કરવી (૯) જાફરાબાદ-ચોટીલા (૧૦) જાફરાબાદ-અંબાજી (૧૧) જાફરાબાદ-સોમનાથ (૧૨) જાફરાબાદ-પાવાગઢ (૧૪) જાફરાબાદ-ઉદયપુર બસ શરૂ કરવી.

(૧) ઉના-સુરત વાયા જાફરાબાદ બપોરે ૨ વાગ્યે ચાલતી હતી તે બંધ છે. (૨) ઉના વાયા જાફરાબાદ મુંબઈ જે બસ બપોરના ૨ વાગ્યે ચાલતી હતી તે બંધ છે. (૩) દીવ વાયા જાફરાબાદ જે બંધ છે. (૪) જાફરાબાદ-જામજોધપુર નાઈટ જાફરાબાદ કરતી હતી જે ચાલુ બસ હતી તે બંધ કરી દેવામાં આવી છે. (૫) જાફરાબાદ-દાહોદ જે બસ ચાલુ હતી તે બંધ કરી દેવામાં આવી છે. (૬) જાફરાબાદ-પોરબંદર જે ચાલુ હતી તે બંધ કરી દેવામાં આવી છે. ઉપરોકત તમામ બસો જે ચાલુ હતી તે બસો બંધ કરી દેવામાં આવી છે અને નવી બસો ચાલુ કરવા માટે તાત્કાલિક મુસાફર જનતાના હિતમાં ચાલુ કરવી અને જો આ બસો ચાલુ કરવામાં નહીં આવે તો મુસાફર જનતા આંદોલનનું રણશિંગુ ફુંકશે તેની ગંભીર નોંધ લેવી.

આમ આ એસ.ટી. બસો ચાલુ કરવા માટે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજયના વાહન વ્યવહાર મંત્રી હર્ષભાઈ સંઘવીને મુસાફર જનતાના હિતમાં લેખિતમાં જાણ કરવામાં આવશે તેની ગંભીર નોંધ લેવા અપીલ છે.

## પદમિની કલ્હાપુરી, રોનિત રોય પણ મુખ્ય ભુમિકામાં

# ધારીનો ઉર્વ સાવલીયા ટીવી સિરિયલ "ચક્રવર્તી સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણ"માં ચમકશે

**પૃથ્વીરાજ ચૌહાણનાં બાલ્યરોલની ભુમિકા ભજવશે**



અમરેલી, તા.૪

હવે એવું નથી કે વગ અને પરિવારવાદ હોય તો જ ટેલીવિઝન કે ફીલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં કામ મળે, હવે સમયમાં બદલાવ આવ્યો છે. ટેલેન્ટ હોય તો પણ જગ્યા બની જાય છે. દેશના દુરસુદૂર પ્રાંતમાંથી નેમ નિશ્ચય સાથે ભાગ્ય અજમાવા આવતા ટેલેન્ટેડોને પણ ખૂબ મોટો ચાન્સ મળી જાય છે. આજથી માં સોની ટીવી પર પ્રસારિત થઈ રહેલી સિરિયલ ચક્રવર્તી સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણમાં પૃથ્વીરાજનો બાલ્ય રોલ કરતો કલાકાર અમરેલી જિલ્લાના ધારી ગામનો દશ વર્ષીય કિશોર "ઉર્વ સાવલીયા" પદ્મીની કલ્હાપુરી અને રોનીત રોય સાથે લીડ રોલમાં જોવા મળશે.

ચક્રવર્તી સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણ સિરિયલમાં પૃથ્વીરાજ ચૌહાણના બાલ્ય રોલ માટે ધારી ગામના હરિપરા વિસ્તારનો ઉર્વ સાવલીયા પદ્મીની કલ્હાપુરી અને રોનીત રોય સાથે લીડ રોલમાં દેખાશે. પદ્મીની કલ્હાપુરી રાજમાતાના રોલમાં તેમજ રોનીત રોય પૃથ્વીરાજના પિતા સોમેશ્વરના રોલમાં જોવા મળશે. ઉર્વ સાવલીયાના પિતા ધર્મેન્દ્રભાઈ મનસુખભાઈ સાવલીયા અને માતા શીતલબેન ઉર્વના કેરિયર માટે અમદાવાદથી હવે માયા નગરી મુંબઈ સ્થાઈ થયા છે. પુત્ર આ જ ઈન્ડસ્ટ્રીઝમાં આગળ વધે માટે પ્રતિબદ્ધ છે.

ઉર્વના પિતા ધર્મેન્દ્ર સાવલીયા એ જણાવ્યું હતું કે, ઉર્વ માટે અમો થાણે સેટ થયા છીએ. હાલ ગુજરાત બોર્ડરે આવેલા આમ ગાવ ખાતે ધારાવાહિકનું શુટિંગ શરૂ છે. ઉર્વ દ્વારા અનેક ઓડિશન આપ્યા છે. ત્યારે તેમને સફળતા મળી છે. અહીં લીડ રોલ મળ વોએ નસીબ કહેવાય. જે પત્ની શીતલબેન અને ઉર્વની અથાગ મહેનતના કારણે છે. ઉર્વ સિરિયલનું શૂટિંગની સાથોસાથ સેટ પર સી.બી.એસ. સી. બોર્ડમાં અભ્યાસ પણ કરતો જાય છે. હોર્ષ રાઈડીંગ અને સ્વીમીંગમાં પણ ઉર્વ નિપુણ છે. અગાઉ ઘણી બધી સિરિયલોમાં ટૂંકા રોલ પણ તેમણે કર્યા છે. તેમજ વરૂણ ધવન સાથે એક મુવીમાં પણ કામ કર્યું છે.

સોની ટીવી પ્રોડકશન હાઉસ દ્વારા ચક્રવર્તી સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણ પર ધારાવાહિક બની રહેલ છે. જેનું પુરજોશમાં બે મહિનાથી શુટીંગ શરૂ છે. કોન્ટીલ્યો પ્રોડકશન હાઉસ ખાતે રજવાડી શુટીંગ માટે વીસ વિઘા પર ફિલ્મી સેટ ઉભા કરવામાં આવ્યા છે. આજથી સોની ટીવી પર ધારાવાહિક પ્રસારિત કરવા પ્રોડકશન હાઉસની તડામાર તૈયારીઓ પુર્ણ કરી લીધી છે. આઈ પી એલ પુર્ણ થાય તેની ખાસ રાહ જોઈ રહયા હતા. આ અંગે ધારી રહેતા ઉર્વના મોટા બાપુજી જીતુભાઈ સાવલીયાએ જણાવ્યું હતું કે, ઉર્વની માતા શીતલબેનની સાચી લગન અને મહેનત તેમજ અથાગ પરિશ્રમના કારણે આંખે ઉડી વળગે તેવી સફળતા સાંપડી છે. જે આ પરિવાર તથા ધારી ગામ માટે પણ ગૌરવની વાત છે.

# સાવરકુંડલાનાં એડવોકેટ બાબુભાઈ કુબાવત નોટરી તરીકે નિયુક્ત



વીજપડી, તા. ૪

સાવરકુંડલા શહેર ભાજપનાં સક્રિય સભ્ય અને છેલ્લા ૨૦ વર્ષથી વકીલાતનો વ્યવસાય કરતા વિદ્વાન એડવોકેટ બાબુભાઈ કુબાવત (બાપુ)ની ભારત સરકારે નોટરી તરીકે નિયુકત કરતાં સાવરકુંડલા બાર એસોસીએશનમાં તેમજ શહેર તેમજ તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં ખુશીની લાગણી ફેલાઈ હતી. બાબુભાઈ કુબાવત (બાપુ)ની ભારત સરકારમાં નોટરી તરીકેની વરણીને વીજપડીનાં પત્રકાર સમીર ખોખર રે આવકારી અભિનંદન પાઠવ્યા.

# વિસરાતા જતા વ્રતો

વિસરાતા જતાં વ્રતો ખારા મોળા જેઠ માસમાં આવતાં જ મોળાકતની યાદ આવી અને મોળાકત રહેવા માટે પહેલા જેઠ માસના ચાર રવિવાર રહેવા પડે. બે મોળાને બે ખારા. આવી રીતે ચાર રવિવાર રહેવાના હોય. બે રવિવારમાં મોળું જમવાનું બે રવિવારમાં ખારૂ જમવાનું. ઘરની બહાર વાડીએ તથા તળાવની કાંઠે કુબલા રાખીને અબીલ, ગુલાલ, કંકુ ચોખા, ફૂલ લઈને કુબલા પૂજવા જાય. જયાં ગામમાં પાણી હોય ત્યાં નદી કે તળાવમાં કુબલા પધરાવા જાય અને પછી પાંચમાં દિવસે ગોરમાની પૂજા કરે. ત્યારે પણ થાળી લઈ પૂજાની થાળીમાં નાગલા, ચુંદડી, કંકુ, અબીલ, ગુલાલ, ચોખા, ઘઉં વગેરે દક્ષિણા લઈને પૂજા કરવા જાય. ત્યાં

**દિપ્તિબેન પી. રાવલ**
આમ્રપાલી સોસાયટી, આંબેશ્વર
મંદિર પાસે, પોરબંદર રોડ
ઉપલેટા-જિ.રાજકોટ

આ દેદો કૂટવા જવાનું હોય પછી વરસાદી માહોલમાં અષાઢ સુદ અગિયારસથી મોળાકત શરૂ થાય છે. નાની બાળાઓ કુવારિકાઓ આવ્રત કરે છે. ખારા મોળા કરવા જાય, દેદો કૂટવા જાય, ગામડામાં જાગરણ કરે, રાત્રે બધાની ઘરે આજુબાજુમાં ગીત ગાવા જાય, માટીના ગોરમા કરે, ગુરૂપૂર્ણિમાના દિવસે ગોરમાની પૂજા કરે, સંકલ્પ કરીને આવ્રત પુરૂ થાય. ગોરમાની પૂજા કરીને સાંજે બાળાઓ કોરડ જમે એટલે કે મઠ ખાય અને મોળાકાત પુરા થાય. મોળાકતમાં અષાઢ સુદ અગિયારસથી લઈને અષાઢ સુદ પૂનમ સુધી બાળાઓ કુબલા પૂજવા જાય. ગાયનું છાણ લઈ આવીને તેમાંથી નાના નાના કુબલા દીકરીઓ બનાવે. નાગલા, ચુંદડી બનાવે અને જારના ડુંડામાંથી સરિયા લઈ આવે. આ સરિયા કુબલામાં એક વચ્ચે ચાર આજુબાજુ. આમ, પાંચ જારના સરીયા રાખે પછી થાળીમાં ગોરબાપા આ નાની દીકરીઓને સંકલ્પ કરાવીને પૂજા કરાવે. બાળાઓ ગોરબાપાને દક્ષિણા આપે અને પછી કોરડ બાળાઓ ખાતા એટલે મઠ ખાય અને આવી રીતે વ્રત છૂટે પછી દીકરીઓ ખારૂ જમી શકે. ત્યાં સુધી પાંચ દિવસ સુધી બાળાઓને મોળુ જમવાનું હોય અને રાત્રે બાળાઓ જાગરણ કરે. નાની બાળાઓ પહેલા હીરાના કારખાના હોય ત્યાં બધાં હીરાઘસુને ચાંદલા કરવા જાય. કારખાનામાં હીરા ઘસતાં ભાઈઓ આ બાળાઓને ચાંદલા કરવાના બદલામાં પૈસા આપે. આવી રીતે આ પહેલાના મોળાકત હતા. કહેવાય છે કે ગોરમાની પૂજા કરવાથી મનોકામના પુરી પૂર્ણ થાય છે. બાળાઓને પોતાને મનગમતો વર મળે છે.

જય ગોરમા, જય માતાજી, ઈતિ શુભમ ભવતુ.

# '૫ જુન' વિશ્વ પર્યાવરણ દિન : વૃક્ષોનું જતન, આબાદ વતન



અમરેલી, તા.૪

વૃક્ષોનું વાવેતર કરી, જંગલોનું રક્ષણ થાય, પર્યાવરણ સંવર્ધન થકી દેશમાં આવે એ હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે. જેનાથી માત્ર માણસોને જ નહી પરંતુ વન્યજીવોને પણ નુકશાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફુટપાથ પર કે જુદા જુદા સ્થળે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને કયારેક સ્વને અનુભવીને આપણે એમને માટે કરૂણા અનુભવી શકતા હોઈએ છીએ. ખેર આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાય શકે છે પણ પ્રાણીઓ આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓના નિવાસસ્થાન છીનવી રહ્યા છીએ. ઉત્સાહભેર નુકશાન કરી રહ્યા છીએ. હા એક વાત છે આપે એ તો જોયું જ હશે કે હમણાં હમણાં વન્યજીવોના કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાના કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે. અહીં એમ કહેવાય છે કે વન્યજીવો એ કોઈ ગામમાં, વિસ્તારમાં ઘુષણખોરી કરી છે. પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યએ એના ઘરમાં ઘુષણખોરી કરી છે. કારણ કે વધતા જતા આધુનિકરણની પાછળ અહી તહી બંગલા, ઓફિસ બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલા વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે. પર્યાવરણની જાળવણીમાં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોકસાઈડ શોષીને પ્રાણવાયુ આપે છે. વૃક્ષારોપણ માત્ર ચોમાસામાં જ થાય એ ખ્યાલમાંથી બહાર આવીને વધુમાં વધુ વૃક્ષોનું રોપણ કરવું આવશ્યક છે. જયાં ઈલેકટ્રોનિક તાર પસાર થતા હોય બરાબર તેની વચ્ચે વૃક્ષો ન વાવવા જોઈએ. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશ સંશ્લેષણની ક્રિયા ધ્વારા હવાને અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મુળિયા અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોના પાન પડિયા-પતરાળાં બનાવવામાં કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડુતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણ શીશ જેવી ઉજજડ લાગે છે. ૫૦ વર્ષોમાં એક ઝાડ કુલ ૧૭.૫૦ લાખ ઓકિસજનનું ઉત્પાદન કરે છે. ૩૫ રૂપિયાના પ્રદુષણનું નિયંત્રણ ૩ કિલો કાર્બન ડાયોકસાઈડનું શોષણ, ૪૧ લાખ રૂપિયાના પાણીનું રીસાયકલીંગ ૩% તાપમાનમાં ઘટાડો કરે છે. એક વયસ્ક વ્યકિત ધ્વારા જીવનભર ફેલાયેલા પ્રદુષણને ૩૦૦ ઝાડ મળીને શોષી શકે છે. આ દિવસથી જીવન અને વન્યજીવો પ્રત્યે સૌમાં ઉત્પનન થાય તેમજ પર્યાવરણીય સંપતિની જાળવણી થઈ શકે જેથી પૃથ્વી પરના સર્વે જીવો સુખેથી જીવન જીવી શકે. વૃક્ષમ શરણં ગચ્છામી.

**- મિતલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

**બ્રહ્મસમાજની યુવા પ્રતિભાને**

**હાર્દિક શુભેચ્છાઓ**



તાજેતરમાં ડીગ્નીટી જસ્ટીસ ફોર
હયુમન રાઈટસ ફાઉન્ડેશન
અમરેલી જિલ્લા લીગલ સેલના
' પ્રેસીડેન્ટ ' તરીકે
અમરેલી જિલ્લા બ્રહ્મસમાજની
યુવા પ્રતિભા અને હોનહાર યુવા એડવોકેટ

**શ્રી હરનીલ ઉદયનભાઈ ત્રિવેદી** ની
વરણી બદલ હાર્દિક શુભેચ્છાઓ...

**ડો. હાર્દિક દવે**
તંત્રીશ્રી, લીલીયા ટાઈમ્સ

# ખાંભા અને બાબરા પંથકમાં કૃષિ રથનું આગમન







ભારત સરકારના કૃષિ અને ખેડુત કલ્યાણ મંત્રાલય ધ્વારા તારીખ.૨૯/૬/૨૦૨૫ દરમિયાન પ્રી ખરીફ કેમ્પેઈન અંતર્ગત વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન માટેનો કૃષિ રથ ખાંભા તાલુકાના લાસા, રૂગનાથપુર, ઉમરિયા અને બાબરા તાલુકાના બરવાળા, કીડી, સીરવાનીયા મુકામે પહોંચ્યોહતો. આ વિકસિત કૃષિ સંકલ્પ યાત્રામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષીબેન બારીયાના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક ડો. નેહાતિવારી અને ખેતીઅધિકારી કવિતા ગઢીયા ધ્વારા ખેડુતોને આધુનિક ખેત પદ્ધતિની માહિતી તેમજ પ્રાકૃતિક ખેતીનો પ્રસાર કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં નિવૃત વિસ્તરણ અધિકારી એ.એમ. શેખવા પણ હાજર રહી ખેડુતોને માર્ગદર્શિત કર્યા હતા. ખેતીવાડી, બાગાયત અને આત્માના પ્રોજેકટ ડાયરેકટર પણ હાજર રહેલ. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ખેડુત ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધેલ.

